1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
Office Wadhwa The Gateway
Sale/Rent Availabe
2 BHK 1.50 cr.
3 BHK 1.90 cr.
ઓબેરોય 3,4 BHK ભાડેથી
તેમજ વેચાણથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૪૨ ● સળંગ અંક : ૧૩૫૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૬ નવેમ્બર – ૧૨ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



METRO
GROUP

SARASWATI PARADISE

Only 'SETTLE' for the most exclusive

Book your dream home today and experience a lifestyle of comfort and luxury! Saraswati Paradise offers world-class amenities, designed to elevate your everyday living.

Saraswati
paradise
MULUND WEST

PREMIUM 2 & 3 BHK HOMES

Zaver Road, Mulund West

+91 88 2890 0009

www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

uptown
ADVISORY

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636

Click Here

# ક્લાસિફાઈડ્સ

## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).
સંપર્ક : 9322257731
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com

## Display Advt. Rates

First colour Page Rs.40/- Per Sq.cm.
Last colour Page Rs.32/- Per Sq.cm.
Inner Colour Page Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## ધંધાકીય

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0 9 7 3 0 4 0 2 8 7 9 , 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1370)

**સનસાઈન કવર્સ**

ડાઈનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 00 (1357)

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 000 (1404)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 621 (1361)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.300/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1357)

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

(મુલુંડ વેસ્ટ, વૈશાલી નગર પાસે)
**શ્રીનગર માં 85.50L**
1 BHK, 507 (Built Up), 450 (Carpet), ૧ લે માળે,
* શ્રી આદિનાથ દેરાસરની સામે,
* ૩ સાઈડ ઓપન
* હવા ઉજાશ વાળી જગ્યા,
* ૨૪ કલાક પાણી,
* MGL ગેસ લાઈન,
ખરેખર રસ ધરાવનાર સંપક કરે :
**93222 19263**

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

મુલુંડ ઈસ્ટ સાઈનાથ એપાર્ટમેન્ટ 2 BHK વેચાણથી એરિયા 621 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

## જગ્યા સંબંધી

**Fully Furnished 2 BHK in Runwal Pride**

- **Location :** LBS Marg, Mulund-W
- **Floor :** 15th (Higher Floor)
- **Area :** 940 sq ft
- **Covered Parking :** 1

100% Vastu Complaint Available at Best Price
**83948 86622**

વનબેડ 461 કારપેટ, હાયર ફ્લોર સ્ટેમ્પ ડ્યુટી સાથે 95 લાખ એસ.એલ.રોડ/2 BHK ઝવેર રોડ દેરાસર નજીક 660 કારપેટ 175/3 બેડ બધી જ એમેનીટીસ સાથે 225 સુધી શક્યતા. જે.એન.રોડ તેમજ દેવીદયાલ ક્રોસ રોડ 230 સુધી શક્યતા અને 4 બેડ 4 સુધી શક્યતા/ઈન્ડ. ગાળો 1135. 175-55000 ભાડે લાગેલું ગ્રા.ફ્લોર/582-140 વેચાણથી. તેમજ ભાડે લેવા આપવા પણ ફાયદાથી ઘણા ઓપશાન છે. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પૂરી કરો. 1227 (1376)

## નોકરી સંબંધી

**એકાઉન્ટસ**

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : 9773661090

## મહિલા માટે

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

*સ્વચ્છતા એવી*
*પાવન ઈશ્વરત્વ*
*પરમ સત્ય.*


*મતભેદની*
*દિવાલમાં તિરાડ*
*તો પડવાની.*

*છેડી જાય છે*
*હૃદયના તારને,*
*ભીનું કશુંક.*

*મોજા ગર્વમાં*
*ચૂર ચૂર થયાં છે,*
*ઉછળ્યા પછી.*

*ગાલે ખંજન,*
*રૂપ ખીલી ઉઠે છે,*
*પુષ્પની જેમ.*

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રાંભિયા

**જ્યોતિષશાસ્ત્ર**

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૪૨ • સળંગ અંક : ૧૩૫૮ • મુંબઈ • બુધવાર • તા.૬ નવેમ્બર – ૧૨ નવેમ્બર ૨૦૨૪ • કુલ પાના ૨૪ • કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING
Now Available
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49%
(p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

Click Here

# શ્રી જલારામ સત્સંગ મંડળ – મુલુંડ

(સ્થાપના ૧૯૫૫)
રજી .ન. એ-૨૬૫૮ તા. ૧૬-૧-૬૪

પ્લોટ નં.૫૭૫, એ/૩, સેવારામ લાલવાની રોડ, મુલુન્ડ (વે). 78 7373 1515

jalaramsatsangmandalmulund@gmail.com | www.jalarammandirmulund.org

jalarammandirmulund | jalaram satsang mandal mulund | jalaram satsang mandal mulund

હાલો
રિચર્ડસન એન્ડ
ફૂડાસ ગ્રાઉન્ડ

## ૨૨૫મી જલારામ જયંતિ ઉત્સવ

સવંત ૨૦૮૧ કારતક સુદ ૭ ને શુક્રવાર તા. ૦૮/૧૧/૨૪
ના રોજ ધામધૂમથી ઉજવામાં આવશે



**જાહેર આમંત્રણ** **જાહેર આમંત્રણ**

આ શુભ પ્રસંગે આપશ્રીને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે



શ્રી માયાભાઈ આહીર
લોક સાહિત્યકાર

શ્રી ઉમેશ બારોટ
ગાયક

### લોક સાહિત્ય અને ડાયરો

એક શામ જલારામ બાપા કે નામ,
ગુરુવાર તા ૦૭.૧૧.૨૪ સાંજના ૬ થી ૧૦,
સંગીત • ડાયરો • રાસગરબા

**ભક્તિ સંગીત ના સૌજન્ય શ્રી મનોજભાઈ કોટક**

અલ્પાહાર ની વ્યવસ્થા રાખેલ છે

## પૂજ્ય શ્રી જલારામ બાપાની શોભા યાત્રા

શુક્રવાર તા ૦૮.૧૧.૨૪ ના સવારે ૮.૦૦ કલાકે શ્રી જલારામ બાપાના મંદિરે થી

એસ. એલ. રોડ – આર. આર. ટી. રોડ – મહાજન વાડી – સ્ટેશન રોડ – શ્રી મારુતિ મંદિર – મહાપરિષદ ગલી – અંબાજી ધામ – ભક્તિ માર્ગ થઇ રિચર્ડસન એન્ડ ફૂડાસ ગ્રાઉન્ડ

| સવાર ની આરતી | દર્શન તથા પ્રસાદ | બાપાને મનગમતી ખીચડી કઢીનો મહાપ્રસાદ | અન્નકુટ | સંધ્યા આરતી |
|---|---|---|---|---|
| ૧૦.૦૦ કલાકે | સવારે ૧૧.૦૦ વાગેથી આખો દિવસ | સવારના ૧૧:૦૦ વાગેથી સાંજના ૩:૩૦ વાગ્યા સુધી | સવાર ના ૧૦.૦૦ થી. દર્શન નો લાભ લેવા વિનંતી | રાત્રે ૮.૦૦ કલાકે સમુહ આરતી |

**મહાપ્રસાદ ના મુખ્ય દાતાશ્રી**

**સ્વ:શીવજી શંભુરામ રૂપારેલ હસ્તે શ્રી કેતનભાઈ શીવજીભાઈ રૂપારેલ ગામ બરંદા હાલે અંજાર**

ભાઈઓ અને બહેનો માટે સંગીત ડાયરો અને શ્રી જલારામ જયંતિ મહાપ્રસાદ સ્થળ

**રિચર્ડસન એન્ડ ફૂડાસ ગ્રાઉન્ડ**
એલ.બી.એસ. માર્ગ અને ભક્તિ માર્ગ નું જંકશન,બાલરાજેશ્વર મંદિર ની સામે,
મુલુંડ - વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૮૦.

અહીં આપેલ ક્યુઆર કોડ થી મંદિરમાં ડોનેશન આપી શકો છો. કર્યા પછી વોટ્સઅપ જરૂરથી કરજો

લી. શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુન્ડ ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિ.

મંડળને આપેલ ડોનેશન ઇન્કમટેક્સ એક્ટ ૮૦જી હેઠળ કરમુક્ત છે

### જલારામ મંદિર માં ચાલતી પ્રવૃતિઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| અનાજ સહાય :- (Grain Support) | હોસ્પિટલ સહાય:- Hospital Support) | ડેન્ટલ ડીપાર્ટમેન્ટ:- (Dental Department) | ફીજીઓથેરાપી:- (Physotherapy) | શિક્ષણ સહાય :- (Education Support) | ફેમિલી ફીજીશયન :- (Family Physician) |
| હોમીઓપેથીક ડીપાર્ટમેન્ટ :- (Homoeopathy Department) | નેચેરોપેથી :- (Naturopathy Department) | એક્યુપ્રેસર :- (Acupressure) | છાસ કેન્દ્ર :- (Butter Milk) | બાળકો માટેના નિશુલ્ક સંસ્કૃત વર્ગ (Sanskrit Class) | આયુષ્માન કાર્ડ:- (Ayushman Card) |
| | યોગા સેન્ટર:- (Yoga Centre) | રેકી ઉપચાર :- (Reiki Treatment) | પાંજરાપોળ (Gaushala) | અંતિમ સંસ્કારની કીટ:- (Funeral Kit) No Profit No Loss | |

**Click Here**

2 BHK Available
For Sale Mulund West
Neelam Senroof Society,
Carpet 800, 2 BHK,
Fully well furnished flat
with Parking.
Available to see on
request Interested people
Please call on
9082041567
8928612125

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૪૨ ● સળંગ અંક : ૧૩૫૮ ● મુંબઈ ● બુધવાર ● તા.૬ નવેમ્બર - ૧૨ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

## મુલુંડ વિધાનસભા બેઠકના ૧૦ ઉમેદવારો વચ્ચે ખરાખરી : ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે મુખ્ય જંગ



મિહિર કોટેચા (ભાજપા) | રાકેશ શેટ્ટી (કોંગ્રેસ) | સિધ્ધેશ આવ્હાડ (બહુજન સમાજ પાર્ટી) | નીતિન કોલેકર (રાષ્ટ્રીય સમાજ પક્ષ) | પ્રદીપ શિરસાટ (વંચિત બ.આ.) | સંજય દેશપાંડે (બ.રિ.સો.પાર્ટી) | સંજીવની વૈતી (અપક્ષ) | ડૉ.આનંદ કાસલે (અપક્ષ) | કેશવ જોશી (અપક્ષ) | નંદકુમાર સિંઘ (અપક્ષ)

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની સોમવાર, તા.૪ નવેમ્બરના છેલ્લી તારીખ હોવાથી મુલુંડ વિધાનસભા બેઠક પરથી રાષ્ટ્રવાદી (એનસીપી પવાર ગ્રુપ)ની ઉમેદવાર સંગીતા વાજેએ ઉમેદવારીપત્રક પાછું ખેંચતાં મહાવિકાસ આઘાડીના કોંગ્રેસ પક્ષના રાકેશ શેટ્ટી સત્તાવાર ઉમેદવાર તરીકે ભાજપા મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચા સામે ટકરાશે.

આ ઉપરાંત કોંગ્રેસ પક્ષ વતી ફોર્મ ભરનાર સુનંદા સુરેશ પાટિલનું ઉમેદવારીપત્રક એ-બી ફોર્મના અભાવે રદ્દ થયું છે. આ ઉપરાંત પ્રદીપ નારાયણ બેલકાળે, ચંદ્રકાંત ગંગારામ ગામરે અને સાલુ યાદવ પવારનાં ઉમેદવારી પત્રો રદ્દબાતલ થતાં મુલુંડ વિધાનસભા બેઠક માટે હવે નીચે મુજબના ૧૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં બાકી રહ્યાં છે.

મહાયુતિ ભાજપના મિહિર ચંદ્રકાંત કોટેચા, કોંગ્રેસ પક્ષના મહાવિકાસ આઘાડીના રાકેશ શંકર શેટ્ટી આ બંન્ને બાહુબલી

(અનુસંધાન છઠ્ઠા પાને)

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
4 BHK
ફોર સેલ
ઝવેર રોડ
2 પાર્કિંગ સાથે
81040 09694
98198 64456

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
4 BHK FOR SALE
આર.એચ.બી. રોડ, 2.75 કરોડ,
નવું બિલ્ડીંગ પાર્કિંગ સાથે
8169222044




આપના સહકાર, સહાનુભુતિ અને શુભેચ્છાને અમારી પ્રગતિના કારણરૂપ સમજીએ છીએ અને નૂતનવર્ષે તે વધુ ગાઢ બને તેમ ઈચ્છીએ છીએ.

દિવાળીની ભાવભીની શુભેચ્છા
તથા
નુતન વર્ષાભિનંદન

કમલેશ ફુડસ્ પ્રા. લી. પરિવાર

Kamlesh
Namkeen! Har Din...

Click Here

# શ્રી મુલુંડ ચેકનાકા વાગલે એસ્ટેટ અચલગચ્છ જૈન સંઘમાં પંચાન્હિકા મહોત્સવ યોજાયો

શ્રી મુલુંડ ચેકનાકા વાગ્ચે ઈસ્ટેટ અચલગચ્છ જૈન સંઘમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માના નિર્વાણ કલ્યાણક નિમિત્તે ગુરૂ ભગવંત, તપસ્વીત્ર્ય પ.પૂ. મુનિરાજ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં ૨૮ ઓક્ટોબરથી ૦૧ નવેમ્બર ૨૦૨૪ સુધી પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજનમાં શ્રીમતિ કલ્પનાબેન સુનિલ ગાલા ગામ ગોધરા વાળાએ મુખ્ય વિધિકાર તરીકે કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

સોમવાર, આસો વદ બારસ, તા. ૨૮ ઓક્ટોબરના દિવસે સવાર ના ૦૯.૦૦ વાગ્યે, સમ્યક જ્ઞાન કે જેના વડે જીવનના બધા અંધકાર દૂર થાય છે, એ સમ્યક જ્ઞાન રૂપી અજવાળા દેનાર શ્રી સરસ્વતી માં નું લઘુ પૂજન ભણાવવામાં આવ્યું.



આસો વદ તેરસ, મંગળવાર, તા. ૨૯ ઓક્ટોબરના દિવસે સવારના ૦૯:૦૦ વાગ્યે, સૌ માટે મહત્વપૂર્ણ એવી અષ્ટ લક્ષ્મી પ્રદાન કરનાર સૌભાગ્યને દેનાર શ્રી મહાલક્ષ્મી માં નું લઘુ પૂજન ભણાવવામાં આવ્યું.

આસો વદ ચૌદશ, તા. ૩૦ ઓક્ટોબરના દિવસે સવારના ૦૯.૦૦ વાગ્યે, આપણા દાદા ગુરૂ આર્યરક્ષિત સુરીશ્વરજી મ.સા.એ જેમની કૃપા મેળવી અચલગચ્છની સ્થાપના કરી એવા અચલગચ્છના અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માં નું લઘુ પૂજન ભણાવવામાં આવ્યું.

આસો વદ અમાસ (દિવાળી), ગુરૂવાર, તા. ૩૧ ઓક્ટોબરના દિવસે સવારના ૦૬.૪૫ કલાકે (સૂર્યોદય મુજબ), જેમના શાસનમાં જીવી રહ્યાં છીએ એવા સૌના વ્હાલા વીર પ્રભુના નિર્વાણ કલ્યાણક નિમિત્તે ત્રણ વિવિધ દ્રવ્યો વડે વર્ધમાન શક્રત્સવ અભિષેકનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.


કારતક સુદ એકમ (બેસતું વર્ષ), શુક્રવાર, તા. ૦૧ નવેમ્બરના દિવસે સવારના ૦૭.૦૦ કલાકે પ.પૂ.ગુરૂ ભગવંતના મુખે ગૌતમ સ્વામીનો રાસ તથા મહામાંગલિકથી બેસતા વર્ષેની શુભ શરૂઆત, ત્યારબાદ સવારના ૦૯.૦૦ વાગ્યે. અનંત લબ્ધીના સ્વામી એવા ગુરૂ શ્રી ગૌતમ સ્વામીનું લઘુ પૂજન ભણાવવામાં આવ્યું.

દાદા આદિનાથની અસીમ કૃપાથી અને ગુર ભગવતોની શુભ નિશ્રામાં આ પંચાન્હિકા મહોત્સવ ઉલ્હાસભેર સંપન્ન થયો. બધા જ લાભાર્થી પરિવારોનો પણ ખુબ જ સુંદર સાથે મળ્યો. હાજર રહેલાં સૌનો ઉત્સાહ પણ ખુબ જ અનેરો હતો. રોજ પરમાત્માની ભવ્ય અંગરચના કરવામાં આવતી હતી. આ મહોત્સવને સફળ બનાવવા સૌ શ્રાવક શ્રાવિકા તથા કાર્યક્રમના આયોજનમાં સાથ આપનાર સૌ સહયોગી અને ખાસ કરીને શ્રી સંઘમાં આ સુંદર આયોજન કરનાર શ્રીમતિ કલ્પનાબેન સુનિલ ગાલા (ગોધરા) નો આત્મીય સહયોગ બદલ ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ. આગળ પણ આપ સૌનો આવો જ સુંદર સાથે સહકાર મળતો રહેશે એ જ અપેક્ષા.









## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડની ઉત્તર પ્રદેશ માટેની ટૂરમાં જોડાવવાની છેલ્લી તક

સૌને જણાવતા આનંદ થાય છે કે દિવાળી નવા વર્ષ નિમિત્તે જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડમાં નવા મેમ્બરોને ડીસ્કાઉન્ટેડ રેટમાં બનવા આમંત્રણ આપે છે.

તા.૨૯ નવેમ્બરના ૧૦ રાત્રી ૧૧ દિવસ ઉત્તર પ્રદેશ ફ્લાઈટ દ્વારા આવવા જવાનું ૩/૪ સ્ટાર હોટલ અને સ્વતંત્ર રસોડા અને બધા જ ખર્ચાઓ સામેલ એવી ટૂર જઈ રહી છે. એમાં જૂજ સીટ બાકી છે. તો જેમને પણ જોડાવવું હોય તો તે જોડાઈ શકે છે.

સંપર્ક : જયંતીલાલ મૈશેરી (પ્રમુખ)-૯૮૧૯૭૪૮૨૫૦, માનદમંત્રી : દિલીપ શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલ કોરડીયા-૯૮૬૯૬૬૦૨૯૦

## સદલાણી પરિવારની સમૂહ પહેડીનું આયોજન

સદલાણી પરિવારના કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતા અને કુળદેવતા શ્રી પુરસાદાદાની સમૂહ પહેડી આગામી કારતક સુદ તેરસ, ગુરૂવાર, તા. ૧૪ નવેમ્બરના રોજ સવારના ૯ વાગ્યાથી સદલાણી ફળીયો, સચ્ચિદાનંદ મંદીરની સામે, અંજાર (કચ્છ) માં રાખવામાં આવી છે. તે પછી બપોરના મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે. સદલાણી પરિવારના સૌને અને નિયાણીઓને સહકુટુંબ પધારવા ખાસ નિમંત્રણ છે.

## મુલુંડ વિધાનસભા બેઠકના ૧૦ ઉમેદવારો..

ઉમેદવારો ઉપરાંત બહુજન સમાજ પાર્ટીના સિધ્ધેશ કારભારી આવ્હાડ, રાષ્ટ્રીય સમાજ પક્ષના ઉમેદવાર નીતિન શંકર કોલેકર, વંચિત બહુજન આઘાડીના પ્રત્યાક્ષી પ્રદીપ મહાદેવ શિરસાટ, બહુજન રિપબ્લિકન સોશ્યિલિસ્ટ પાર્ટીના સંજય સવાજી દેશપાંડે સાથે ચાર અપક્ષ ઉમેદવારો સંજીવની મહેશ વૈતી, ડૉ.આનંદ મહાદેવ કાસલે, કેશવ મધુકર જોશી અને નંદકુમાર બિરબલ સિંઘ.

Click Here

# રોટરી ક્લબ ઓફ મુલુંડ તરફથી દિવાળીના શુભ પ્રસંગે ૩૨૦ ટી-શર્ટ વરિષ્ઠોને આપવામાં આવ્યા







રોટરી ક્લબ ઓફ મુલુંડ તરફથી 'શ્રી કેર વૃધ્ધાશ્રમ અને ૭ આંગણવાડી'માં રહેતા જરૂરીયાતમંદ વરિષ્ઠોને દિવાળીના શુભ પ્રસંગે નિમિત્તે પ્રત્યેક ટી શર્ટ રૂા.૧૦૦૦ થી રૂા.૧૫૦૦ની કિંમતના ૩૨૦ નવા અને બ્રાન્ડેડ ટી-શર્ટ આપવામાં આવ્યા. ટોટલ રૂા.ચાર લાખ પચાસ હજારનો પ્રોજેક્ટ હતો. આ વિસ્તારો એટલે કે ઈન્દીરા નગર, વિદ્યાપતિ નગર, પરિવાર સોસાયટી, કેશવ પાડા, વિજય નગર સોસાયટી અને અંબિકા સોસાયટી છે.

રોટરી ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ તેમજ પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી સીમા જોષીએ પ્રોજેક્ટમાં હાજર રહી સાથ-સહકાર આપવા બદલ શ્રીમતી અનસુયાબેન શાહ, માનદ્‌મંત્રી તારા માલદે, અમૃતા ગાંધીનો તેમજ રત્નનિધિ ટ્રસ્ટ, શ્રીમતી ઉજ્જ્વલા જિંદાની અને સવિતા ગોવિલકરનો ઋણ સ્વીકાર કર્યો હતો. ઉપરોક્ત માહિતી પી.આર.ઓ.શ્રીમતી અનસુયાબેન આર. શાહે અખબારી યાદી દ્વારા જણાવેલ છે.


**નારી સાડી (જોગેશ્વરી ઈસ્ટ)**
ઘરચોળા, બાંધણી, પટોળા, સેલા
દિવાળી ઓફર
50% ડિસ્કાઉન્ટ
M.8097987978
9820207332

**PART TIME JOB IN MULUND**
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

**YEAR 2025...SOON**
INVEST IN YOUR FUTURE.
REBUILD A DYNAMIC & POSITIVE PERSONALITY.
UNIQUE ONE ON ONE COURSE WITH PERSONALITY EXPERT
Mr. ABHIJIT
9867489566
PERSONALITY STUDIO IN MULUND WEST

**કિંજલ ફૂડ**
વિદેશમાં ઉપયોગી રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ, ફ્રીઝડ્રાઈડ, ફ્રોઝન ફૂડ માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન ટ્રેન-એરપોર્ટ ઉપર ફ્રેશ જૈન વેજ/સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com

**Momrushi Herb**
**ચંદ્રકાંતભાઈ હાડવૈદ અને નાડીવૈદ (સૌરાષ્ટ્રવાળા)**
Morning : 10.30 am to 1 pm
Evening : 4.30 pm to 8.30 pm
સાઈડ ઈફેક્ટ વગર વજન ઘટાડો (ફાકી) | હાથ ડાયાબિટીસ કંટ્રોલ (ફાકી) | સંધિવા પિડા રાહત (ફાકી) | અશ્વગંધા એક્સ્ટ્રેક્ટ ટેબલેટ | સ્નાયુ પીડા રાહત રોલ ઓન તેલ
Specialist : Sciatica, Arthritis, Spondylosis and Bone Setter Ayurvedic Treatment.
Weight Loss Powder, High Diabetes Powder available
Konark Darshan, B-109, 1st Floor, Zaver Road, Near Jain Derasar, Mulund (W), Mumbai - 80.
Email : momrushiherb@gmail.com
Website : chandrakantbhaihadvaidya.in
Contact : 98678 91778
90823 88072

**SHETH KARAMSHI KANJI ENGLISH SCHOOL**
SMPRS Trust-1941 · SHETH KARAMSHI KANJI ENGLISH SCHOOL · सा विद्या या विमुक्तये
(Managed by S.M.P.R.Shala Trust )
(Affiliated to Central Board of Secondary Education, New Delhi, Affiliation No. 1130085)
V.P.Road, Mulund (West), Mumbai - 400 080.
RAVANI NURSERY SECTION
SMT. INDUMATI MANSUKHLAL DOSHI K.G. SECTION
NURSERY/Jr.KG NEW ADMISSION FOR THE YEAR 2025-26

• Highlights •
- Toddler friendly classroom ambience
- Play way method of teaching
- E-Learning (Computer aided Education from Nursery to Std-X)
- Experienced and well qualified teachers
- Innovative teaching learning methods
- Play room with audio visual facility.
- On campus qualified Counsellor & Remedial educator facility
- Math laboratory
- Guidance for competitive examinations such as scholarship, Homi Bhabha, NTS, National science and Math Olympiad
- Enriching experiences to facilitate learning of English Language and Literature through various programmes.
- Well equipped library, available for parents also.
- Educational trips
- Extensive opportunities for participating in Sports & Cultural activities.
- Parent connect App for effective communication.

• Admission process is completely online.
• Visit the school website for the admission link www.skkeschool.com
• The link will be available from 13th November 2024 to 17th November 2024
• Admission circular is available on school website.
NO DONATION •

Age Criteria:
NURSERY
Children Born Between
1st July 2021 & 31st December 2022
Jr. KG
Children Born Between
1st January 2021 & 31st December 2021

Click Here

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી

શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા લોહપુરૂષ, રાષ્ટ્રના પ્રથમ નાયબ વડાપ્રધાન, ભારત રત્ન, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. મુલુંડ પશ્ચિમમાં રેલ્વે સ્ટેશન નજીક સરદાર પટેલ રોડના બોર્ડ-ફલક અને સરદાર પટેલની છબીને સ્થાનિક પોલીસ મ્હાત્રે મેડમ, યાદવ મેડમ અને પદાધિકારીઓ દ્વારા ફૂલ હાર પહેરાવી ભાવવંદના કરવામાં આવી હતી. પ્રમુખ શરદભાઈ પટેલે આવકાર સ્પીચમાં સરદાર પટેલના જીવન પ્રસંગને વણી લઈ સર્વેને દિવાળીની શુભકામના આપી હતી. મહામંત્રી લાલજી સરે આભારવિધિમાં કરતાં ગણાત્રા પોલીસ ચોકીનો અને પધારેલા સર્વેનો આભાર માની અખંડ ભારતના શિલ્પી રાષ્ટ્રના મહામાનવની શાબ્દિક વંદના કરી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ રમેશભાઈ કોટક, મંત્રી સંજીવ જોશી, કોષાધ્યક્ષ કલ્પનાબેન ખંધેડિયા, કારોબારી સભ્યો ભગવાનજીભાઈ હરિયા, ભારતીબેન પરમાણી, નિર્મલાબેન છેડા, સાથે લીનાબેન ઠક્કર અને શુભેચ્છકોની ઉપસ્થિતિ હતી. બધાને મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. વ્યવસ્થામાં ઓફિસ સ્ટાફ સુરેશનો સાથ મળ્યો હતો.



# લાંબા ગાળા સુધીની માનસિક તાણ (સ્ટ્રેસ)થી ટાઈપ ટુ ડાયાબિટીસ થવાની શક્યતા વધી જાય છે



**સ્વાસ્થ્ય સુધા**

લેખક **રીટા જૈન** 9819070772

DIETICIAN (Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

હા, તણાવ પોતે ડાયાબિટીસનું સીધું કારણ નથી, પરંતુતે ડાયાબિટીસ થવાના જોખમને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને એવી વ્યક્તિઓ જેઓ પહેલાથી જ ડાયાબિટીસ થવાનું જોખમ ધરાવે છે.

જ્યારે શરીર તણાવમાં હોય છે, ત્યારે તે કોર્ટિસોલ અને એડ્રેનાલિન જેવા હોર્મોન્સને છોડે છે, જે ''ફાઈટ-ઓર-ફ્લાઈટ'' એટલે કે લડો અથવા પલાયન થાવ જેવા પ્રતિભાવ આપવાનું શરુ કરે કરે છે. આ હોર્મોન્સ લીવરને ઉર્જા પ્રદાન કરવા માટે લોહીના પ્રવાહમાં ગ્લુકોઝ એટલે કે સુગર છોડવાનું કારણ બને છે. લાંબા સમય સુધી તણાવની પરિસ્થિતિઓમાં, ગ્લુકોઝનું આ સતત લોહીમાં ભળવું સમય જતાં લોહીમાં સુગરના સ્તરમાં વધારો કરી શકે છે.

વધુમાં, તણાવ જીવનશૈલીની પસંદગીઓ ઉપર નકારાત્મક અસર કરી શકે છે. સ્ટ્રેસ હેઠળના લોકો બિનઆરોગ્યપ્રદ વર્તણૂકો અપનાવે છે, જેમ કે બિનસ્વાસ્થ્યપ્રદ આહાર ખાવાની ટેવ, કસરતનો અભાવ, ધૂમ્રપાન અને વધુ પડતા દારૂનું સેવન.આ બધા ડાયાબિટીસ થવા માટેના જોખમી પરિબળો છે. સ્ટ્રેસ ઇન્સ્યુલિનના પ્રતિકાર ઉપર પણ અવળી અસર કરી શકે છે, જે ટાઈપ ટુડાયાબિટિસ થવા માટેનું મુખ્ય પરિબળ છે અને જે શરીર માટે ઇન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરવાનું મુશ્કેલ બનાવે છે.

તદુપરાંત, ડાયાબિટીસ ધરાવતા લોકો કે જેઓ ખૂબ વધુ તાણનો અનુભવ કરે છે તેઓ તેમના લોહીમાં સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં સંઘર્ષ કરી શકે છે, જે વધુ ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ) તરફ દોરી જાય છે. એકાગ્રતા અને ધ્યાન, વ્યાયામ અને આરામ જેવી તક્નીકો દ્વારા તણાવનેઓછો કરીને ડાયાબિટીસના થવાના જોખમને ઘટાડવામાં અને જેમને પહેલાથી ડાયાબિટીસનું નિદાન થયું હોય એવા લોકોમાં બ્લડસુગરના નિયંત્રણમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે.








Click Here

# એશફોર્ડ રોયલ સોસાયટીમાં દિવાળી પહાટ કાર્યક્રમની મોજ





મુલુંડ ગોરેગાવ લિંક રોડ સ્થિત એશફોર્ડ રોયલ સોસાયટીમાં શુક્રવાર, તા.૧ નવેમ્બરના વહેલી સવારના દિવાળી પહાટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના સદસ્યોએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને મરાઠી, હિન્દી સાથે અન્ય ભાષાઓના ભક્તિ ગીત, ભજન અને હિન્દી નવા અને જૂના ગીતો પર ઝૂમી ઉઠ્યા હતા અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા આપીને નાસ્તા સાથે સેલ્ફીની મોજ માણી હતી.

તસ્વીરી અહેવાલ - દિવ્યા ભાનુશાલી અને વિલાસ ભાઉ સાળુંકે



Dry Paper Dosa
Khakhra
Kinjal
Specially for Khakhra
• Schezwan Dosa
• Maggi Dosa
• Pav-Bhaji Dosa
• Tomato Chilly Dosa
• Cream n Onion
• Jain Chatpata Dosa
• Butter Sada Dosa
• Peri Peri Jin Dosa
• Cheese Dosa
and Many more
Variety Available
Jain Khakhra Available

JAMNAGRI FARSAN
Vardhman Nagar, Mulund (W)
Bhavin-7208379811
Business Enquiry will be solicited
www.kinjalfood.com



જોઈએ છે
મુલુંડ વેસ્ટમાં નવા ખુલેલા
કિંગ વર્લ્ડ Men's અને
Ethnic Wearના શોરૂમ માટે
અનુભવી કાઉન્ટર સેલ્સમેન
તેમજ મેલ/ફિમેલ કેશીયર
તુરંત જોઈએ છે.
કોમ્પ્યુટરનું નોલેજ હોવું જરૂરી છે.
કિંગ વર્લ્ડ-98929 44090




Saturday 30th Nov at 8:45 pm Kalidas, Mulund
Sunday 1st Dec at 8:45 pm Dinanath, Vile Parle

ONLINE BOOKING
bookmyshow
SCAN & BOOK
Osman Mir Live in concert
Ghazal | Bollywood | Sufi | Folk
FEATURING - AAMIR MIR
For Booking and Sponsorship: +91 8097807080



જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549



G2
ગરમા ગરમ કલાઉડ કિચન
GARMA GARAM CLOUD KITCHEN
Restaurant
CELEBRATING SUCCESS, ONE BITE AT A TIME!


પંજાબી ડિશ
• ચણા મસાલા
• આલુ ગોબી
• આલુ મટર
• આલુ ટોમેટો ફ્રાય
• ભીંડી ફ્રાય
• વેજ/પનીર કોલ્હાપુરી
• વેજ/પનીર હાંડી
• વેજ/પનીર કડાઈ
• ગ્રીન પીસ પાલક
• પનીર મટર
• પનીર બટર મસાલા
• પનીર ટીકા મસાલા

• ચાઈનીઝ રાઈસ
• ચાઈનીઝ ચોપસી
• ચાઈનીઝ નુડલ્સ
• પાઉંભાજી (બટર, પનીર, ચીઝ)
• પીત્ઝા એન્ડ ફ્રાઈસ
• ચીઝ કોફતા
• કાશ્મીરી કોફતા
• લંચમાં પુલાવ
• લંચમાં પંજાબી થાળી

• સેન્ડવીચ
• દાલ ફ્રાય
• દાલ કોલ્હાપુરી
• દરેક પ્રકારના સૂપ
• ચાઈનીઝ
• વેજ બિરયાની
• પાલક બિરયાની
• હૈદ્રાબાદી બિરયાની
• પનીર ટીકા બિરયાની

ચાઈનીઝ ડિશમાં
• વેજ સ્પ્રીંગ રોલ
• વેજ મન્ચુરીયન
• પનીર મન્ચુરીયન
• ઈડલી સેજવાન
• વેજ લોલીપોપ
• પનીર ચીલી
• પનીર સ્પ્રીંગ રોલ
• મસરુમ મન્ચુરીયન

• જ્યૂસ • લસ્સી
• ફાલુદા • ચોકલેટ શેક

નાસ્તામાં ગરમા ગરમ ઈડલી, પૌઆ, ઉપમા, મિસળ પાઉં, ઉસળ, છોલે ભટુરે, મિક્સ વેજ પકોડા, સાબુદાણા વડા વગેરે

ઢોસા - (સાદા, મસાલા, ચીઝ, મૈસુર, પેપર મસાલા, સ્પ્રીંગ મસાલા)

અમારા કલાઉડ કિચનમાં ફ્રી હોમ ડિલીવરી તેમજ ટિફિન સર્વિસ પણ ઉપલબ્ધ છે

Shop No 2. NEERA ENCLAVE, Dr. RP ROAD, MULUND (WEST), MUMBAI 400 080.
Cell: 91364 36473/90043 32955


Click Here

# જલારામબાપાનો
## કુટુંબ પરિચય

જલારામબાપાના પિતાનું નામઃ પ્રધાન ઠક્કર
જલારામબાપાના માતાનું નામઃ રાજબાઈ
જલારામબાપાની પત્નીનું નામઃ વીરબાઈ
જલારામબાપાના લગ્ન થયા તે ગામઃ આકોટ
જલારામબાપાના સંતાનો : ફક્ત એક દીકરી
દીકરીના લગ્ન થયા તે ગામ : કોટડા પીઠા
દીકરીના પતિનું નામ : ભક્ત રામજી
જલારામબાપાની દીકરીને બે સંતાનો હતા.
(૧) કાળુભાઈ અને (૨) હરિરામભાઈ.

જલારામબાપાને દીકરો ન હોવાથી તેમની દીકરીના નાના દીકરા હરીરામને ખોળે બેસાડેલ, આમ જલારામબાપા પછી વીરપુરની ગાદીપતિ બન્યા તેનું નામ : હરિરામબાપા

હરિરામબાપાને બે દીકરા હતા
(૧) ગિરધરરામભાઈ અને (૨) વજુભાઈ.

હરિરામબાપાના સ્વર્ગવાસ પછી તેના મોટા દીકરા ગાદીપતિ બન્યા તે : ગિરધરરામબાપા

ગિરધરરામ બાપાને ત્રણ દીકરા હતા.
(૧) જયસુખરામ (૨) બટુકરાય (૩) રસિકરામ.



ગિરધરબાપાના સ્વર્ગવાસ પછી તેના મોટા દીકરા ગાદીપતિ બન્યા તે : જયસુખરામબાપા

જયસુખરામબાપાને બે દીકરા હતા (૧) રઘુરામ અને (૨) ભરતરામ જયસુખરામબાપાનું ૮૮ વર્ષના વયે તા.૨૭ ઓગસ્ટ ૨૦૧૬ શનિવારના સ્વર્ગવાસ થયાં પછી તેના મોટા દીકરા ગાદીપતિ બન્યા તે : રઘુરામબાપા

હાલ રઘુરામબાપા વીરપુર ગાદીપતિ તરીકે બિરાજમાન છે.

– સંકલન : વલ્લભદાસ નેણશી ભગદે

# શ્રી કુળદીપક સંત શિરોમણી
## પ્રાતઃ સ્મરણીય પ.પૂ.શ્રી જલારામ બાપાની સંસાર યાત્રા

**સંવત ૧૮૫૬** – કારતક સુદ ૭ સોમવાર, તા. ૪-૧૧-૧૭૯૯ વીરપુર ગામમાં લોહાણા પરિવારનાં શ્રી પ્રધાન ઠક્કર અને માતા પૂ.રાજબાઈના ખોળે જન્મ

**સંવત ૧૮૬૬** – કાકાશ્રી ભોજલરામ સાથે દુકાનમાં વ્યાપાર વણજમાં જોડાયા

**સંવત ૧૮૭૦** – પંદર વર્ષની વયે યજ્ઞોપવિત સંસ્કાર ધારણ

**સંવત ૧૮૭૨** – શ્રી વીરબાઈ સાથે ગૃહાસ્થાશ્રમ જીવનમાં પદાર્પણ

**સંવત ૧૮૭૪** – ચારધામ યાત્રા પ્રયાણ

**સંવત ૧૮૭૬** – મહાસુદ ૨ સોમવાર તા. ૧૮-૧૧-૧૮૨૦ સદાવ્રત-અન્નક્ષેત્ર શુભારંભ-વીરપુર ‘જલિયો’ જલારામ બાપાના નામે લોકાદર પામ્યા.

**સંવત ૧૮૭૮** – હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ તમામ કોમના લોકો ‘જલા તું અલ્લા’ ના નારા લગાવી દર્શને ઉમટવા લાગ્યાં.

**સંવત ૧૮૮૬** – સાધુ સ્વરૂપે પરમાત્મા કસોટી કરવા આંગણે આવ્યા, ધર્મપત્ની વીરબાઈમાની સેવા કાજે માંગણી કરી, કસોટીમાંથી પાર ઉતરેલા જલાને પ્રસાદરૂપે અક્ષય ઝોળી અને ધર્મ ધોક્કો આપી અંતર્ધાન થયા.

**સંવત ૧૯૦૧** – જામનગરના મહારાજા શ્રી રણમલજીના દરબારમાં બાપાના હસ્તે વસ્ત્રદાન અર્પણ... ભીડ વધતી જ ગઈ પણ વસ્ત્રો ખુટયા જ નહી. બાપાના પરચા અપરંપાર,

**સંવત ૧૯૦૪** – ગાલોળ ગામના શ્રી જીવરાજ વડાલિયાની અન્નદાનની કોઠીઓ ખાલી થઈ ગઈ. બાપાની પધરામણી થઈ. બાપાએ ખાલી કોઠીઓને




પોતાના હાથની લાકડી અડકાડી, ત્યાર પછી કોઠીઓ કદી પણ ખાલી ન પડી. બાપાના પરચા અપરંપાર.

**સંવત ૧૯૩૫** – કારતક વદ ૯ સોમવાર, તા. ૧૮-૧૧-૧૮૭૮ પૂજ્ય વીરબાઈ મા નો વૈકુંઠવાસ પ્રયાણ.

**સંવત ૧૯૩૭** – મહાવદ ૧૦ બુધવાર, તા. ૨૩-૨-૧૮૮૧, અન્નદાન કરતા કરતા... ભજન ગાતા ગાતા ઈશ્વર સ્મરણમાં ૮૧મા વર્ષે પૂજ્ય સંત શ્રી જલારામ બાપાનો વૈકુંઠવાસ પ્રયાણ.

યુગપ્રવર્તક કુળદીપક સંત શિરોમણી પ.પૂ. શ્રી જલારામ બાપાનો યુગ સંદેશ

**આપો ભૂખ્યાને ભોજન, દુખિયાને હૂંફ અને હાથ,**

**જીવો જીવન સદાચાર, લઈ મુખથી હરિનું નામ.**

પ્રેષક : વલ્લભદાસ નેણશી ભગદે


ચતુર્થ પુણ્યતિથિએ સમરીએ તમારી પ્રેમરૂપી મહેક
સંસારીપક્ષે પ.પૂ.સા.શ્રી વિમલયશાશ્રીજી મ.સા. ના પૌત્ર
માતુશ્રી મણીબાઈ વર્ધમાન શામજી ખોનાના સુપુત્ર
વ્યક્તિ એક પણ વિશેષતાઓ અનેક



શ્રેષ્ઠીવર્યશ્રી લેરીનભાઈ વર્ધમાન ખોના
ગામ : સુજાપુર । હાલે : પવઈ
દેહ પરિવર્તન : શુક્રવાર, તા. ૬-૧૧-૨૦૨૦
યાદોના સંભારણાનું સરોવર
વડીલ સ્વરૂપે અમે સર્જનહારને જોયા છે...
અતીતમાં તકલીફો ચારે બાજુ હતી પણ હિંમત હાર્યા વગર
એકલા હાથે લડતા જોયા છે
એવા સિંહગર્જના ધરાવનાર
અમારા હૃદયમાં સદા વસનારા સદ્‌ગતશ્રીનો આત્મા
જ્યાં પણ હોય શીઘ્ર મોક્ષ ગામી પદ સુખ શાંતિને સદ્‌ગતિ પામે તેવી
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...
જીવનસંગીની નયના લેરીન ખોના
હ. વૃષભ, નિકીતા, જયમન
અનમોલ પરિવાર (સુજાપુર-પવઈ)
anmol COLLECTION ART & FRAMES
Anmol Balaji Broking
Estate and Investment Consultant
BINITA S. MARU - 9869034162



નૂતન વર્ષાભિનંદન
સર્વને દિપાવલીની હાર્દિક શુભકામનાઓ



રઘુવંશી ભુષણ સંત શિરોમણી
પૂ.જલારામ બાપાની
૨૨૫મી
જન્મ જયંતિ કાર્યક્રમ
શુક્રવાર, તા.૮/૧૧/૨૦૨૪ના
યુટોપિયા એન.કે.ટી.સભાગૃહ, ટિળકનગર, ચેંબુર ખાતે યોજવામાં આવેલ છે.
શેઠ નાનજીભાઈ ખીમજીભાઈ ઠક્કર થાણાવાલા
શેઠ ટી.જે.એજ્યુકેશન સોસાયટી,
અધ્યક્ષશ્રી, એન.કે.ટી.ચેરિટેબલ ટ્રસ્ટ, થાણા




Click Here

# મહારાષ્ટ્રનો ચૂંટણી જંગ: વિદ્રોહીઓ અને સ્થાનિક ઉમેદવારો મુખ્ય પક્ષોની બાજી બગાડશે?




જયંત છેડા

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી પરત લેવાની આખરી તારીખ ૪ નવેમ્બરે વીતી ગયા બાદ મોડી સાંજ સુધીમાં રાજ્યમાંથી બળવાખોર એવા ૪૫ ઉમેદવારોએ નામાંકન પાછા ખેંચ્યા હતા. જેમાં ભાજપના ૧૦, શિંદે સેનાના ૮, અજિત પવાર જૂથના ૫, કોંગ્રેસના ૧૦, ઉદ્ધવસેનાના ૭, શરદ પવાર જૂથના ૪ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે બોરીવલીની બેઠક પરથી ગોપાળ શેટ્ટી, અંધેરીમાંથી સ્વીકૃતિ શર્મા અને મરાઠા નેતા મનોજ જરાંગે પાટિલે નામાંકન પાછા ખેંચી સત્તા પક્ષને મોટી રાહત આપી છે. મહારાષ્ટ્ર વિધાનસભાનીચૂંટણીમાં ઉમેદવારી પરત લેવાની આખરી તારીખ વીતી ગયા બાદ હવે રાજ્યમાં સત્તાધારી મહાયુતિ અને વિપક્ષ મહાવિકાસ આઘાડી એમ બે ગઠબંધનો વચ્ચે જંગ નિશ્ચિત બન્યો છે, બહુજન વિકાસ આઘાડી અને એમઆઇએમ જેવા નાના પક્ષો ઉપરાંત લગભગ પચાસેક જેટલા વિદ્રોહીઓના કારણે ચૂંટણી જંગ વધુ રસપ્રદ બની રહ્યો છે. કુલ ૨૮૮ બેઠકો પર બે ગઠબંધનો વચ્ચેના કટોકટ મુખ્ય જંગમાં પચાસેક બેઠકો પર મજબૂત વિદ્રોહીઓના કારણે ત્રિપાંખિયો જંગ થાય તો છેલ્લી ઘડી સુધી પરિણામની માત્ર અટકળો જ કરવી પડે. ત્રીસેક જેટલી બેઠકો પર નાની પાર્ટીઓના ઉમેદવારોપાંચેક હજાર મતો પણ મેળવે તો એ બેઠકના પરિણામ પણ બદલી શકે. આ રીતે જોઈએ તો ૨૮૮માંથી ૮૦ બેઠક પર શું થશે એ હાલમાં કંઇ કહી શકાય એમ નથી. બંને ગઠબંધનને મૂળ આ ૮૦ જેટલી બેઠકની ચિંતા સતાવી રહી છે.


વિદ્રોહીઓની પરેશાની મહાયુતિમાં વધુ જણાઈ રહી છે. લગભગ ૩૬ બેઠકો પર ભાજપ, શિંદે સેના અને અજિત પવારની રાષ્ટ્રવાદીના ઉમેદવારો સામે એમની યુતિ પાર્ટીઓના નેતાઓ જ ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે.જોકે, મુંબઈની બોરીવલીની બેઠક પર ગોપાલ શેટ્ટીએ ઉમેદવારી પરત લીધી એમ ચારેક બેઠક પર મહાયુતિના વિદ્રોહીઓએ પાર્ટીનું કહ્યું માન્યું છે પરંતુ સમસ્યા તો ઠેરની ઠેર છે. ત્રીસેક જેટલી બેઠકોની ચિંતા મહાયુતિને સ્વાભાવિક છે. આ રીતે જ આઘાડીમાં પણ ૧૪ બેઠકો પર અંદરના વિદ્રોહીઓ જ કોંગ્રેસ, ઠાકરે સેના અને શરદ પવારની રાષ્ટ્રવાદી માટે માથાનો દુઃખાવો બની રહ્યા છે.

રાજ્યમાં કુલ ૭૬ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ સામસામે બાથ ભીડી રહ્યા છે. ખાસ કરીને વિદર્ભમાં બંને પાર્ટી વચ્ચે લગભગ અડધો-અડધ બેઠક પર વન-ટુ-વન ફાઈટ છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે વિદર્ભમાં સારો દેખાવ કરીને ભાજપને હારનો સ્વાદ ચખાડયો હતો. આ વખતે ભાજપે વિદર્ભમાં વધુ તાકાત કામે લગાવી છે. ખાસ કરીને વિદર્ભમાં ખેડૂતોનું વલણ કોના તરફી રહે છે એ જોવું રસપ્રદ રહેશે. મરાઠવાડામાં મરાઠી મતો પર ભાજપ, કોંગ્રેસ ઉપરાંત શરદ પવારની પણ બાજ નજર છે. ત્યાં મહાયુતિએ શરદ પવારની સામે અજિત પવાર પર દાવ ખેલ્યો છે જ્યારે કોંગ્રેસ અને ભાજપ પરંપરાગત હરીફ છે. આ ઉપરાંત મુંબઈ અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં શરદ પવાર, કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જંગ છે, જેમાં ભાજપને વધુ સફળતાની અપેક્ષા છે, જ્યારે કોંકણ બેલ્ટમાં બંને શિવસેના વચ્ચે આકરી સ્પર્ધાથવાની છે. વિવિધ સર્વેમાં હાલમાં તો મહાયુતિ અને મહા વિકાસ આઘાડી વચ્ચે સોલિડ ટક્કરની આગાહીઓ છે, હજુ પ્રચાર યુદ્ધ બાકી છે. વિદ્રોહીઓ જ્યાં લડી રહ્યા છે એ પચાસ સીટો પર બંને ગઠબંધનને અપેક્ષા પ્રમાણે સફળતા નહીં મળે તો ત્રિશંકુવિધાનસભામાં જિતેલાવિદ્રોહીઓનું મહત્વ વધી જશે જેની ચિંતા બંને ગઠબંધનોને છે.

એકંદરે જોઈએ તો મહારાષ્ટ્ર વિધાનસભાની આ ચૂંટણીમાં કોઈ આર્થિક વિકાસ, સામાજિક સમરસતા જેવો કોઈ રાજ્યની પ્રજાની સુખાકારી માટેનો મુદ્દો કેન્દ્ર સ્થાને નથી. ફક્ત ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર,એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ, અજીત પવાર જેવા નેતાઓ પોતાની રાજકીય તાકાત બતાવી દેવાની સ્પર્ધામાં ઉતર્યા હોય એમ જણાઈ રહ્યું છે.

# શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ દ્વારા ૨૨૫મી જલારામ જયંતિ ઉત્સવનું ધામધૂમપૂર્વક આયોજન

શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ દ્વારા સંવત ૨૦૮૧ કારતક સુદ સાતમ શુક્રવાર, તા.૮ નવેમ્બરના જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ ઉત્સવનું આયોજન રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ, એલબીએસ માર્ગ અને ભક્તિ માર્ગ જંક્શન, આર મોલની સામે, મુલુંડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે. આ ઉત્સવ પ્રસંગે લોક સાહિત્ય અને ડાયરાનું આયોજન પણ કરવામાં આવેલ છે. ગુરૂવાર, તા.૭ નવેમ્બરના રોજ સાંજના ૬ થી ૧૦ કલાકે એક શામ જલારામ બાપા કે નામના શીર્ષક હેઠળ સંગીત, ડાયરો અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિ સંગીતના સૌજન્ય શ્રી મનોજભાઈ કોટક છે. ડાયરામાં રમઝટ જમાવનાર પ્રખ્યાત કલાકારોમાં શ્રી માયાભાઈ આહિર, શ્રી ઉમેશભાઈ બારોટ તથા સાથી કલાકારોનું મુખ્ય આકર્ષણ રહેશે. ડાયરામાં અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી છે.




પૂજ્ય શ્રી જલારામ બાપાની શોભાયાત્રા શુક્રવાર, તા. ૮ નવેમ્બરના સવારે ૮ કલાકે શ્રી જલારામ બાપાના મંદિર એસ.એલ. રોડથી રામરતન ત્રિવેદી રોડ, મહાજનવાડી, સ્ટેશન રોડ, શ્રી મારૂતિ મંદિર, મહાપરિષદ ગલી, અંબાજી ધામ અને ભક્તિ માર્ગ થઈ રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ ખાતે પહોંચશે. સવારની આરતી ૧૦ કલાકે થશે. દર્શન તથા પ્રસાદ સવારે ૧૧ વાગ્યાથી આખો દિવસ રહેશે. બાપાને મનગમતી ખીચડી કઢીનો મહાપ્રસાદ સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યા સુધી રહેશે. અન્નકુટ સવારના ૧૦ કલાકે તથા સંધ્યા આરતી રાત્રે ૮ કલાકે સમૂહ આરતી કરવામાં આવશે. મહાપ્રસાદના મુખ્ય દાતા સ્વ. શ્રી શીવજી શંભુરામ રૂપારેલ હસ્તે શ્રી કેતનભાઈ શીવજીભાઈ રૂપારેલ ગામ બરંદા હાલે અંજાર છે.

શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડના ટ્રસ્ટી તથા કારોબારી સમિતિ દ્વારા જાહેર જનતાને આ પ્રસંગે દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. શ્રી જલારામ સત્સંગ મંડળ દ્વારા બીજી ઘણી સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે જેમાં અનાજ સહાય, હોસ્પિટલ સહાય, શિક્ષણ સહાય સ્વાસ્થ્ય ઉપચાર કેન્દ્ર, યોગ સેન્ટર, છાશ કેન્દ્ર જેવી અનેક પ્રવૃત્તિઓનો લોકો લાભ લે છે.

## શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ-મુલુંડ દ્વારા શ્રી જલારામ જન્મ જયંતીનું આયોજન

શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ મુલુંડ દ્વારા શ્રી જલારામ બાપા મંદિર, પડવલનગર ખાતે ૨૨૫મી જલારામ જન્મ જયંતી ઉત્સવનું ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. કારતક સુદ સાતમ, શુક્રવાર, તા.૮ નવે.ના સાંજે ૭.૩૦ કલાકે મહાઆરતી બાદ સાંજે ૮થી રાત્રે ૧૧ સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવિક ભક્તોને દર્શન, મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે. શુભ સ્થળ: શ્રી જલારામ બાપા મંદિર, શેઠ બબનરાવ સ્કૂલની સામે, પડવલ નગર, વાગલે એસ્ટેટ, મુલુંડ ચેકનાકા, થાણા (વેસ્ટ).

# સ્નેહા કેટરર્સના સંજયભાઈ માળી દ્વારા પૂ. શ્રી જલારામ બાપાની જન્મજયંતિ ઉત્સવ ઉજવાશે



શુક્રવાર, તા.૮ નવે.ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ કલાક સુધી ચંદનબાગ સ્કૂલ, યુનિયન બેંકની બાજુમાં, પાંચ રસ્તા, એમ.જી. રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે સ્નેહા કેટરર્સના સંજયભાઈ માળી દ્વારા સંત શિરોમણી પૂ. શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિ ઉત્સવ નિમિત્તે ઉજવણીનું આયોજન કરાયું છે. આ પ્રસંગે પૂ.જલારામ બાપાને મનપસંદ ખીચડી-કઢીના મહાપ્રસાદનો લાભ લેવા સૌ ભાવિક ભક્તજનોને આમંત્રણ છે.

## શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ, મુંબઈ દ્વારા શ્રી જલારામ બાપાની જન્મ જયંતીનું આયોજન



શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ, મુંબઇ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ રઘુવંશી ભૂષણ સંત શિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ શુક્રવાર તા. ૮ નવેમ્બરના યુટોપિયા એન.કે. ટી.સભાગૃહ, ટિળકનગર, ચેંબુર ખાતે ઉજવવામાં આવશે. કાર્યક્રમમાં સાંજે ૬.૩૦ કલાકે પૂ.જલારામ બાપાનું પૂજન અને આરતી બાદ સાંજે ૭.૦૦ કલાકથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. મંડળના પ્રમુખશ્રી નાનજીભાઇ ખીમજીભાઇ ઠક્કર થાણાવાલા અને અન્ય પદાધિકારીઓ અને જ્ઞાતિજનો દ્વારા પૂ.જલારામ બાપાની આરતી પૂજા કરવામાં આવશે.

Your Business Advertisement In Our SOCIAL MEDIA Contact : 9322257731

Click Here

# શ્રી સમર્થ સ્વામી સેવા સામાજિક સંસ્થા દ્વારા સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાનો પ્રારંભ















શ્રી સ્વામી સમર્થ મંડળ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ રવિવાર, તા.૩ નવેમ્બર રોજે બાલરાજેશ્વર મંદિરથી બપોરે ૩ વાગે વાજતે ગાજતે પોથી યાત્રાનો શરૂઆત થઈ હતી. ત્યારબાદ પોથી યાત્રા કથા સ્થળે પહોંચીને મહાનુભાવ પ્રમુખ વકતા પૂ.આશિષભાઈ વ્યાસ અને બાબાજી ઝુંપડીના શ્રી દયાનંદજી મહારાજ, મુખ્ય આચાર્ય દીપક ખરાશંકર પંડયા, નાનજી ખીમજી ઠક્કર (ઠાણાવાલા), રાજેશભાઈ અનમ, વિજયભાઈ કોઠારી, મેઘજીભાઈ ભાનુશાલી, ગિરીશભાઇ કોઠારી, શ્રીમતી માયાબેન કોઠારી, મુખ્ય યજમાન મિરેકર પરિવાર અને એક શુભેચ્છક પરિવાર વનીતબેન મેશ્રામ પરિવાર પ્રતાપભાઈ ઠક્કર, તરૂણભાઈ લાલાઈ, મહેન્દ્ર સદલાની, નારાયણ સેવા મંડળ, બાલરાજેશ્વર ભકત મંડળ, બ્રહ્માંડેશ્વર ભકત મંડળ, રાજેશભાઈ ઠક્કર પરિવાર, મુલુંડ પોલીસ સ્ટેશનના પી.આઈ, મોહિતે સાહેબ હસ્તે દિપ પ્રાગટય કરાવામા આવ્યું હતું. ત્યારબાદ કથાની શરૂઆત થઈ હતી.

કથામાં પ્રમુખ અતિથિ શિતલબેન અને મેહુલભાઈ સોમૈયા, આશાબેન અને નીતિનભાઈ ઠક્કર, રૂપાબેન ઠક્કર, સતિશભાઈ મજેઠીયા પરિવાર, હેમેન્દ્રભાઈ ખોના, કીરીટભાઈ રૂપારેલ, મનોજભાઈ કોઠારી(બા), વિશાલ મજેઠીયા, ભરતભાઈ સચદે, રમેશભાઈ નરમ, ગાયત્રી મંડળ, અંબાજીધામ મંડળ, નંદાબેન ઠક્કર, કાનજીભાઈ ભાનુશાલી, કીરીટભાઈ ભાનુશાલી, શરદભાઈ ભાનુશાલી, જસરાજદાદા મંડળ.

શ્રી નારાયણ સેવા મંડળ દ્વારા રોજ મેડીકલ કેમ્પમાં આવેલા ભકતોને દરેક જાતની ચેકઅપ ચાલુ છે.

કથાની વ્યવસ્થા શ્રી સમર્થ સ્વામી મંડળના કાર્યકારી સંજયભાઈ માળી, નીતાબેન સોલંકી, લતાબેન ચંદે, પ્રભાકર સોમાસે, સુભાષ માળી, મુલજી આથા, પ્રીતિબેન આથા, સોનલબેન ઠક્કર બધા પોથી યજમાનોની સગવડ સાચવી હતી.

ભાગવત કથામાં પ.પૂ. શરદભાઈ વ્યાસ, પ.પૂ.હરીદાસજી મહારાજ, (હરિદ્વાર)ના આશીર્વાદ આપવામા આવ્યા હતા.

ચા-પાણીની સેવા પારૂલબેન અને તેમના પુત્ર મિશાલ કોઠારી પરિવાર.

જયેશભાઈ રૂપારેલ, શ્રીમતી વર્ષાબેન રૂપારેલ, કૃષ્ણભાઈ ધીરવાણી, ભારતીબેન ઠક્કર (માટુંગા), વિનોદભાઈ ભાનુશાલી (પરજાઉવાળા), જાદવજીભાઈ ઠક્કર, મિહિરભાઈ કોટેચા, કિશોરભાઈ માનસતા, ચેતનભાઈ ધીરવાણી, ભાવેશભાઈ રૂપારેલ, ધીરજભાઈ માનસતા, વિશાલ મહારાજ અને જય અંબેના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.













Click Here

## જય અંબે માઁ ચેરિટેબલ ટ્રસ્ટ મુલુંડ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન





જય અંબે માઁ ચેરિટેબલ ટ્રસ્ટ મુલુન્ડ-મુંબઈ દ્વારા પિતૃ મોક્ષાર્થે મુલુંડ (વે)માં એલબીએસ માર્ગ પર આવેલા રિચર્ડસન એન્ડ ક્રુડાસ લિ. આર મોલની સામેના વિશાળ મેદાનમાં ગોકુલનગરી ઊભી કરવામાં આવી છે જ્યાં ભવ્યાતિભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કારતક સુદ આઠમ, શનિવાર, તા.૯-૧૧-૨૦૨૪થી કારતક સુદ પૂનમ શુક્રવાર, તા.૧૫-૧૧-૨૦૨૪ દરમ્યાન કરવામાં આવ્યું છે. કથાની વિશેષતા એ છે કે મુલુંડમાં સૈપ્રથમ વખત પ.પૂ. જીગ્નેશદાદાના મુખેથી ભાગવત કથા શ્રવણ કરવાનો લાભ ભક્તજનોને મળશે. કથાના મુખ્ય આચાર્ય વિશાલ મહારાજ છે.

કથાનો સમય બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાનનો છે. કથાની રૂપરેખામાં શનિવાર, તા.૯ નવેમ્બરના બપોરે ૧ કલાકે ભવ્ય પોથીયાત્રા, ત્યારબાદ દીપ પ્રાગટ્ય અને સત્સંગ તથા ૩.૩૦ કલાકે કથા પ્રારંભ થશે. રવિવાર, તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ના લોક ડાયરો સાંજે ૭ થી ૧૦, મંગળવાર, તા. ૧૨ નવેમ્બરના શ્રીકૃષ્ણ જન્મોત્સવ, તા.૧૩ નવેમ્બરના શ્રી ગોવર્ધનનગર ઉત્સવ, ગુરૂવાર, તા. ૧૪ નવેમ્બરના રૂક્ષ્મણી વિવાહ, તા. ૧૫ નવે.ના શ્રી ૧ સુદામા વ્યાખ્યાન અને કથાવિરામ સવારે ૯થી ૧૨ દરમ્યાન થશે જ્યારે સાંજે ૪થી ૬ સુધી શ્રી વિષ્ણુયજ્ઞ યોજાશે. તા. ૧૫ નવે.ના સાંજે ૭ થી રાત્રે ૧૦ દરમ્યાન ભંડારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય પોથીના યજમાનઃ સ્વ. ગંગારામ કેશવજી રાચ્છ (ચોથાણી) હસ્તે નંદલાલ ગંગારામ રાચ્છ પરિવાર છે.

## ભાજપના નેતા કિરીટ સોમૈયા અને તેમના પુત્રની કથિત આઈએનએસ વિક્રાંત ફંડના કેસમાં ક્લીનચીટ મળી



મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઈઓડબલ્યુ)એ ભાજપના નેતા કિરીટ સોમૈયા અને તેમના પુત્ર નીલ સોમૈયાની રૂ.૫૭ કરોડ આઈએનએસ વિક્રાંતની જાળવણી માટેના ભંડોળના કથિત દુરૂપયોગ કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરીને બંનેને આરોપોમાંથી મુક્ત કર્યા છે. એક દાયકા કરતાં વધુ સમયના આ આરોપોની સંપૂર્ણ તપાસ કર્યા બાદ પોલીસે કોર્ટમાં 'સી' સમરી રિપોર્ટ સબમીટ કર્યો હતો જે દર્શાવે છે કે કોઈપણ ગેરરીતિને સાબિત કરવા માટે પૂરતા પુરાવા નથી. ઈઓડબલ્યુ અનુસાર આ કેસ ૨૦૧૩-૧૪માં ઈશાન્ય મુંબઈમાં જ્યારે કિરીટ સોમૈયા સાંસદ હતા ત્યારે તેમણે 'સેવ વિક્રાંત' પહેલ હેઠળ આઈકોનિક યુદ્ધ જહાજ વિક્રાંતને બચાવવા માટે સામાન્ય જનતા પાસેથી ભંડોળ એકત્રિકરણ ઝુંબેશ શરૂ કરી હતી. ત્યારબાદ એક ભૂતપૂર્વ સૈનિક દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે સોમૈયાએ આ ઝુંબેશ દરમ્યાન જમા થયેલા રૂ.૫૭ કરોડનો દુરૂપયોગ કર્યો હતો અને તેઓ આ ફંડ મહારાષ્ટ્ર સરકાર અથવા રાજ્યપાલને ટ્રાન્સફર કરવામાં નિષ્ફળ રહ્યા હતા.


Flats For Sale In Redwood, Mulund West
2.5 BHK
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available
1 BHK
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available
2 BHK
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available
9082041567
8928612125





Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available





શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ, (રજી. નં E-20604) મુલુંડ
No.CIT(E)/80G/2970-A(2018-19)/2020-21, Date 27.09.2019
જાહેર આમંત્રણ
૨૨૫ મી શ્રી જલારામ જયંતિ ઉત્સવ
વર્ષ ૨૨ મું સંવત ૨૦૮૧ ના કારતક સુદ ૭ ને શુક્રવાર તા.૮-૧૧-૨૦૨૪ ના રોજ ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. આ શુભ પ્રસંગે આપશ્રીને સહકુટુંબ મિત્રમંડળ સહીત પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.
મહા આરતીઃ સાંજે ૭.૩૦ કલાકે
-: મહાપ્રસાદ :-
પૂજ્ય શ્રી જલારામ બાપાને મનગમતી ખીચડી કઢીનો મહાપ્રસાદ રાત્રે ૮ થી ૧૧ સુધી
કાર્યક્રમ સ્થળ :
શ્રી જલારામ ધામ
પડવલનગર, શેઠ બબનરાવ પડવલ સ્કુલની સામે, ચેકનાકા, વાગલે એસ્ટેટ, થાણા – ૪૦૦ ૬૦૪.
નિમંત્રક : શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ – મુલુંડ
ટ્રસ્ટીઓ : પ્રદીપ પી. ઠક્કર, અભી પ્રદીપ ઠક્કર અને સાગર પ્રદીપ ઠક્કર




જીજામાતા ફાઉન્ડેશન
શ્રી પી.ઈ.(તાત્યા) પાટીલ નર્સિંગ સ્કૂલ જલગાંવ
(જી.એન.એમ.)
મહારાષ્ટ્ર શાસન માન્ય, મહારાષ્ટ્ર રાજ્ય સુશ્રુષા અને પશુવૈદ્યક શિક્ષણ મંડળ મુંબઈ સંલગ્ન તથા ભારતીય પરિચર્યા પરિષદ નવી દિલ્હી નર્સિંગ અભ્યાસક્રમ પ્રવેશ શરૂ છે.





G.N.M.
બેઠક : ૬૦
કોર્સ અવધિ : ૩ વર્ષ
પાત્રતા : ૧૨મું ધોરણ પાસ
(આર્ટસ, કોમર્સ અથવા સાયન્સ)
એસ.સી., એસ.ટી., એન.ટી. સમલિત
સર્વે જ્ઞાતિની દીકરીઓની શિક્ષણ ફી માફ
પ્રવેશ માટે મહાવિદ્યાલયનો ત્વરીત સંપર્ક કરવો.
પ્રવેશ માટેની મુદત વધારીને તા.૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી કરાઈ છે.
૯૫/૧ જલગાંવ એરપોર્ટ પાસે, શાખમ્ભરી મંદિરની પાછળ, ચિંચોલી, જલગાંવ-૪૨૫૦૦૩.
વધુ વિગત માટે માહિતી માટે સંપર્ક :
93222 57731


Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા.૬ નવેમ્બર - ૧૨ નવેમ્બર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** કોઈપણ પરિસ્થિતિ કે વ્યક્તિ પ્રત્યે વધુ પડતા ઉગ્ર પ્રત્યાઘાતા વ્યક્ત કરવાનું ટાળો. નિર્લેપભાવ રાખવાથી મન એકદમ સ્પષ્ટ રહેશે અને નિર્ણયો લેવામાં મૂંઝવણ નહીં થાય. કામકાજ સંબંધી, કાનૂની કે અહમને એક તરફ મૂકીને સંબંધમાં સુધારો લાવવા જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવું પડશે. નવા પ્રોજેક્ટો આવે તો એક પછી એક હાથમાં લેજો. સતત કામ કર્યા પછી હવે તમને આરામની જરૂર છે એટલે એક નાનકડો બ્રેક લઈ શકો છો. કેટલાક મિત્રો પણ તમારી સાથે રજા માણવા ઈચ્છતા હશે. નોકરી બદલો એવી સંભાવના છે. સ્ત્રીવર્ગને મહત્વકાંક્ષાઓ સાથે સમાધાન કરવાનો સમય છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સમયનું એક ચક્ર પૂરૂં થઈ ગયું છે અને બીજું પોઝિટિવ ચક્ર શરૂ થઈ રહ્યું છે. અત્યારના તબક્કે જીવન સુંદર રીતે આગળ વધી શકશે. થોડા સમય અગાઉ ઊભી થયેલી સમસ્યાનો ઉકેલ મળી આવતા ખૂબ રાહત અનુભવી શકશો. હવે સમસ્યાની ચિંતામાં રાતના ઊજાગરા કરવા નહીં પડે. ફરી ચેતનવંતા બનવા થોડા દિવસની રજા માણવા ઊપડી જવા ઈચ્છતા હશો. જોકે પહેલા બાકી પડેલા કામ પૂરા કરવાની સલાહ છે. પૂજા-પાઠ અને આધ્યાત્મિક ચિંતન કરવા માટે સમય સારો છે. લગ્ન ન કરવાનું નક્કી કરી બેઠેલાઓ વિચાર બદલે અને લગ્ન માટે રાજી થઈ શકે છે. સ્ત્રીવર્ગને નોકરીમાં પગાર વધારાની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારી અંદરની બાળસહજ વૃતિને બહાર લાવો અને તમને જેમાં આનંદ આવે એવી પ્રવૃત્તિ હાથ ધરો. આ સપ્તાહ તમારી માટે શુભ છે. આધ્યાત્મિક કાર્યો અને ધર્મકાર્યો પરત્વે રૂચિ વધશે. નવા કોન્ટ્રેક્ટ સાઈન કરી શકશો અથવા કોઈ મિત્ર સાથે થયેલા મનદુઃખનું સમાધાન થઈ જશે એમ જણાય છે. અચાનક સ્ફુરેલા આઈડિયા પર ચાન્સ લેવા તૈયાર રહેજો અને એને અમલમાં મૂકવા સાતત્યપૂર્વક કામ કરતા રહેજો એવી મારી સલાહ છે. અપરિણિતો નવા સંબંધમાં બંધાઈ શકે છે. જોકે સામેની વ્યક્તિને સમજવા સમય કાઢવો પડશે. સ્ત્રીવર્ગને પરિવારના એક યુવાન સભ્ય સાથે ઘર્ષણ થઈ શકે છે.

**કર્ક (ડ,હ) :** અસ્વસ્થતાનો નાનકડો તબક્કો હવે પૂરો થઈ ગયો છે અને સમયનું નવું ચક્ર શરૂ ગયું છે, જેમાં આરોગ્ય સારૂં રહેશે. પરિવારના સભ્યો સાથે નિકટતા અને સમજદારીનો અભિગમ જાળવી શકશો, કેટલાક અપેક્ષિત સમાચાર મોડા પડ્યા હોય તો ચિંતા ન કરશો. સમાચાર તમારા લાભના હશે. મનોમન જે કામ કરવાનું નક્કી કર્યું હોય એ હવે શરૂ કરી શકો છો. માતાપિતા સાથે સંબંધોમાં મોટો સુધારો જોઈ શકશો. તમારી અંદર એક પ્રકારની સાધના ચાલી રહી છે અને સમયના આગામી ચક્ર દરમ્યાન તમે કોણ છો અને તમારા જીવનનો હેતુ શું છે એ પ્રશ્નોના જવાબ માટે પ્રયત્નશીલ બની શકશો.

**સિંહ (મ,ટ) :** હૃદયમાં જાગતી પ્રેરણાઓને અનુસરશો તો કેટલીક સમૃધ્ધિ પ્રાપ્ત કરી શકશો. એક નવા મિત્ર પાછળ પુષ્કળ સમયનો ભોગ આપવો પડશે એમ જણાય છે. યોગ્ય પ્લાનિંગ અને ધ્યાન કેન્દ્રિત કરવાથી સફળતા મળે છે માટે તમને શિસ્તબધ્ધ બનવાની સલાહ આપુ છું. ભુલકણાપણાને લીધે કીંમતી ચીજ ગુમાવો એવી સંભાવના છે. માતાપિતા કે પ્રિયજનમાંથી કોઈક અસ્વસ્થ રહે એવી સંભાવના છે. એવું થાય તો તરત ડોક્ટરને કન્સલ્ટ કરો. લગ્ન કરવાનો ઈરાદો ધરાવતા લોકોને યોગ્ય પાત્ર શોધવામાં મિત્રોની સહાયતા મળી શકે છે. સ્ત્રીવર્ગની નવું ઘર લેવાની ઈચ્છા પૂર્ણ થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** પ્રયાસ કરવા છતા સાકાર ન થાય એવી મહત્વકાંક્ષાઓ જતી કરતા શીખો એવી મારી સલાહ છે. બધી બાબતો વ્યવસ્થિત કરવા ભવિષ્યનો કેવી રીતે સામનો કરવો એ વિચારવા થોડો સમય એકાંતમાં વિતાવો અને મનન કરો. તબિયત સહેજ નાદુરસ્ત હશે તો એમાં રિકવરી શરૂ થશે. થકાવટ લાગતી હશે તો એ દૂર થઈ જશે. એક સંબંધ મનમાં અસ્વસ્થતા ભલે જગાડે પણ જીવન અને સંજોગોને જુદા જ દૃષ્ટિકોણથી નિહાળવાની નવી તકો આંખ ઉઘાડનારી બની રહેશે. અત્યંત ઊથલપાથલવાળા સમયમાં પણ દયાળુપણાની તમારી લાગણીઓ બહાર આવી જશે એમ દેખાય છે. સ્ત્રીવર્ગને કોઈ મિત્ર સાથે થયેલા મનદુઃખનું સમાધાન થઈ જશે.

**તુલા (ર,ત) :** મુશ્કેલ લાગતી પરિસ્થિતિ પર પગલા લેવાની શરૂઆત કરવાનો સમય છે. કશુક પોઝિટિવ બનવાનું છે એમ માનીને ચાલજો. તમે જેવા છો એવા રહો. બીજા કોઈની નકલ કરવાનો પ્રયાસ ન કરો એવી મારી સલાહ છે. પરિવારના સભ્યો તમારા પડખે મક્કમતાથી ઊભા રહેશે અને તમને પ્રોત્સાહન આપતા રહેશે એમ જણાય છે. એક સમસ્યા અચાનક ઉકેલાઈ જશે અને બધુ ફરી અદ્‌ભુત લાગવા માંડશે. કરીઅરમાં નવી ઊંચાઈ પર પહોંચવાની પૂરેપૂરી સંભાવના છે. એ માટે સતત પ્રયાસ કરતા રહેજો. પરિવારમાં નવા પાત્રના આગમનની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :** વર્તમાન સમય મક્કમતાપૂર્વક પગલા લેવાનો, અધિકાર માટે લડવાનો કે પ્રતિકૂળ સંજોગોને સાનુકૂળ કરવાનો છે. આર્થિક બાબતોમાં આશ્ચર્યજનક ઘટનાઓ બનવાની સંભાવના છે. વિદેશમાં નોકરી કરવા ઈચ્છતા હશો તો થોડા સમયમાં એ અપેક્ષા સાકાર થશે. ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છો એવો એક પ્રયાસ વાસ્તવમાં લાભદાયી પૂરવાર થશે એમ જણાય છે. અત્યારે પારિવારિક પ્રોપર્ટી ચર્ચાનો મુખ્ય મુદ્દો બની રહેશે. પરિવારમાં કોઈ વારસો મળવાની આશા પણ રાખી શકો છો. નવા પરણેલાઓ સંબંધનો અદ્‌ભુત આનંદ માણી શકશે એમ દેખાય છે. યોગ કે ધ્યાનની સાધના લાભદાયી ઠરશે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** આ સપ્તાહ દરમ્યાન કેટલીક અગત્યની સમસ્યાઓ વિશે સમાધાન થઈ શકશે. ઈચ્છિત પરિણામ સ્પષ્ટ દેખાશે. જોકે ઝડપથી પરિણામ મેળવવા ઊતાવળ કરવી હિતાવહ નથી. કેટલાક અણધાર્યા ખર્ચાઓ કરવાનું નહીં ગમે, પરંતુ એ ટાળી પણ નહી શકો એમ જણાય છે. કોઈ ખાસ વ્યક્તિને કારણે જીવન હવે જીવવા જેવું લાગશે. એક નવો મિત્ર બનાવી શકશો જે સમય જતા અનિવાર્ય બની જશે. આ સપ્તાહ કિંમતી ચીજો અને અગત્યની ચાવીઓનું ખાસ ધ્યાન રાખજો. બિઝનેસમાં નવો આઈડિયા અમલમાં મૂકી શકાય એવો છે. સ્ત્રીવર્ગે અન્ય લોકોના અભિપ્રાયો સાંભળવામાં કોઈ નુકશાન નથી.

**મકર (ખ,જ) :** કેટલીક લાગણીઓ તમને વિચલિત કરી રહી છે એમ દેખાય છે. જીવન કઈ દિશામાં આગળ વધી રહ્યું છે એની સમજ નહીં પડતી હોવાથી ઊતાવળે કોઈ નિર્ણય ન લેશો. ઓફિસમાં કે કાર્યક્ષેત્રે તમારા વિશે ચાલતી ગોસિપની ચિંતા ન કરો અને કેવળ તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. જીવન પ્રત્યેનો સંપૂર્ણ અભિગમ પ્રસન્નતાનો રાખશો તો ચમત્કારની અપેક્ષા રાખી શકો છો. ફેમિલી પ્રોપર્ટીને લગતા એક મુદ્દે વકીલ સાથે ચર્ચા-વિચારણા કરવા માટે યોગ્ય સમય છે. અવિવાહિતોને નવા રોમેન્સની શક્યતા દેખાય છે. સ્ત્રીવર્ગ માટે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ શક્ય છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** કરીઅરમાં અત્યારે વિજયનો યોગ ચાલી રહ્યો છે. તમારા હૃદયમાંથી નીકળેલા ઉદ્‌ગારો સાચા પડે એવી પૂરેપૂરી સંભાવના છે. નોકરી કે બિઝનેસમાં કેટલીક તકો જાતે ઊભી થશે અને એ ઝડપી લેવાની લાલચ રોકી નહી શકો. સમસ્યાઓ પ્રત્યે તમારૂં સમજદારીભર્યું વલણ તમને ખૂબજ ઉપયોગી થશે. અત્યંત વ્યસ્તતાનો સમય શરૂ થઈ ગયો હોવાથી સમય ઓછો ફાળવશો તો પરિવાર નારાજ થઈ શકે છે. પરિવારના અમૂક સભ્યો શોપિંગ માટે આગ્રહ કરશે, એ માટે તૈયાર રહેજો. નવી મૈત્રી કે ઓળખાણ શક્ય છે. સ્ત્રીવર્ગે નકારાત્મક માનસિકતાને મનમાંથી દૂર કરવું જરૂરી બનશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઘરમાં અચાનક વાતાવરણ ઊગ્ર બનતા તમને આશ્ચર્ય થશે. નાહક મતભેદો ઊભા કરવાને બદલે સંબંધો સુધારવા પર ધ્યાન આપો એવી મારી સલાહ છે. વાસ્તવિકતા વિશેની અપૂરતી માહિતીને કારણે અત્યારની અનિર્ણાયક સ્થિતિ ઊભી થઈ શકે છે. આવી સ્થિતિમાં ક્યારેક થોડા દિવસ રાહ જોવાને કારણે સ્પષ્ટતા મેળવી શકાય છે, માટે ધીરજ રાખજો. ભલે તમે થાકી ગયા છો એમ લાગે, તો પણ નવી તકો વિશે વિચારવાનું ચાલુ રાખો. કોઈ સારા મિત્ર સાથે સમય પસાર કરવાનો વિચાર ઉત્તમ છે. પારિવારિક પ્રોપર્ટી ચર્ચાનો મુખ્ય મુદ્દો બની શકે છે. સ્ત્રીવર્ગની યાત્રાની ઈચ્છા પૂરી થશે.

# Irritable Bowel Syndrome
## (ઈરિટેબલ બોવેલ સિન્ડ્રોમ)



મોટા આંતરડાની ક્રિયા, ગતિ, હલનચલનમા અનિયમિતા પેદા થવી, ફેરફાર થાય છે. ૩૫-૫૦ વયે, સ્ત્રીઓમાં વધારે, ૨૫% જનસંખ્યામાં બહુ જ સામાન્ય આંતરડા સંબંધિત સમસ્યા છે. ફરિયાદોમાં ૧) મળનું પ્રમાણ, જાજરૂ જવાની આદતમાં ફેરફાર, વારંવાર ઝાડા અથવા કબજીયાત થવું. અનેક દર્દી ચીકણું પદાર્થ નીકળવાની ફરિયાદ કરે છે. મળ પસાર કર્યા બાદ રાહત મળે છે. ૨) પેટ ફુલાઈ જવું, દુઃખવું, ખેંચાવું, ચૂક, વિટ આવવી, ગેસ થવું, પેટમાં બેચેની થવી.

કોઈપણ લાંબા સમયનું ટેન્શન, પ્રેશર, તાણદાયક ઘટના, ચિંતા, ડિપ્રેશન બાદ વ્યક્તિ આંતરડાના હલન ચલનથી વધારે સજાગ-સંવેદનશીલ બન છે. આંતરડામાં ચેપ, એન્ટીબાયોટીક સારવાર બાદ, ખાવા-પીવાના પ્રમાણ, સમય, પદાર્થોમાં ફેરફાર, વધારે દારૂ, કેફીન, ઠંડા પીણા સેવનથી થઈ શકે છે.

આ સમસ્યાથી કોઈ અંદરના અવ્યયને કાયમી નુકસાન થાય એવું નથી. પણ રોજના કામ-કાજમાં મુશ્કેલી થાય છે. જેથી ટેન્શન વધે છે. આ સમસ્યા માટે છે અને ફરી થાય છે. ખાસ કરીને કામ-જોબમાં અસંતોષ, સંબંધોમાં કડવાશ-મુશ્કેલી ક્લેશ, તાણદાયક, ટેન્શનવાળી ઘટના બાદ વારંવાર હુમલા આવે છે.

રક્ત (CBC), E & R Stool દૂરબીન, બેરીયમ જેવી તપાસ કરાવવામાં આવે છે. લગભગ નોર્મલ રીપોર્ટ આવે છે.

ઈલાજમાં = સરળ ભાષામાં સમજણ, આશ્વાસન, હિંમત અપાય છે.
= કાચુ, શાકભાજી, ગેસ થતા ખોરાક, ઘઉં બંધ કરવા
દહીં-છાશ લેવા = કસરત, મેડીટેશન, યોગ ફાયદો કરે છે.
હોમિયોપથીમાં અસરકારક દવાઓ છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

## પ્રોપર્ટી ટેક્સ સમયપત્રક મુજબ ન ભરનારને દર માસે બે ટકા દંડ ભરવા તૈયાર રહેવું પડશે

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)એ એના ૨૦૨૪-૨૫ના પ્રોપર્ટી-ટેક્સના ટાર્ગેટને અચીવ કરવા એપ્રિલ ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ અને સપ્ટેમ્બર ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીનાં પ્રોપર્ટી-ટેક્સનાં બિલ મોકલવાનું ચાલુ કરી દીધું છે. ડિસેમ્બર ૨૦૨૪ પ્રો પર્ટી-ટેક્સ ભરવાની અંતિમ મુદત હોવાથી એ પછી જે લોકો કે સોસાયટીઓ પ્રોપર્ટી-ટેક્સ ભરશે તેમને દર મહિને બે ટકા દંડ લગાડવામાં આવશે. પ્રોપર્ટી-ટેક્સમાં કોઈ પણ જાતનો વધારો ન કરતાં પ્રોપર્ટી-ટેક્સનાં બિલ મોકલવામાં આવે એવો આદેશ હાલમાં જ રાજ્ય સરકારે મનપાને આપ્યો છે. એથી હવે મનપાએ પ્રોપર્ટી-ટેક્સનાં બિલ મોકલવાનું શરૂ કર્યું છે. પ્રોપર્ટી-ટેક્સનું નિયમિત પેમેન્ટ કરનારાઓને તો બિલ મોકલાયાં જ છે, પણ જે લોકો સમયસર પેમેન્ટ નથી કરતા અને જેમણે પહેલાંનાં બિલ પણ નથી ભર્યાં એ લોકોને પણ તેમના બાકીના બિલની રકમ વહેલી તકે ભરવા માટે નોટિસો મોકલાઈ રહી છે. આ વર્ષે મનપાએ ૬૬૫૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી-ટેક્સ કલેક્ટ કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. એ માટે ૯.૨૨ લાખ પ્રોપર્ટી-હોલ્ડરોને બિલ મોકલવામાં આવ્યાં છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધીનાં બિલ ૩૧ ડિસેમ્બર સુધીમાં ભરી દેવાનાં હોય છે, જ્યારે સપ્ટેમ્બરથી ૩૧ માર્ચ સુધીનાં બિલ એડ્વાન્સમાં ભરવાનાં હોય છે. એ માટેની મુદત પણ ૩૧ ડિસેમ્બર જ આપવામાં આવે છે. એમ છતાં ઘણા લોકો પ્રોપર્ટી-ટેક્સ સમયસર ભરતા નથી એટલે એ પછી તેમને એ માટે નોટિસ મોકલવામાં આવતી હોય છે. જોકે હવે પછી સમયસર પ્રોપર્ટી-ટેક્સ ન ભરનારાઓ પાસેથી દર મહિને બે ટકાનો દંડ વસૂલ કરવામાં આવશે એમ મનપાએ જણાવ્યું છે.

Click Here

# પુષ્પાંજલિ

## અમારા વડીલ બાબુ કાકાને



જન્મ
૧૫/૦૬૦/૧૯૪૧

અરિહંત શરણ
૦૪/૧૧/૨૦૨૪

## સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ-સાંધવ, હાલે મુલુંડ)

સ્નેહના સાગર સમું હૃદય હતું જેનું વિશાળ
મન શાંત સરળ મુખ પર સ્મિત તણો શણગાર
સ્નેહી, સ્વજન, સંગી-સાથીઓ જોડે મધ મીઠો વ્યવહાર
નાના મોટા સહુને આપ્યો આત્મીય આદર ને આવકાર
કોઠા સૂઝ, અંતર ઊંડી દૂરંદેશી વ્યક્તિગત યાદગાર
અમ હૈયે આપની સ્મૃતિઓ રહેશે સદાકાળ

-: શ્રદ્ધાસુમન :-

મિલન ધરમશી
સંદીપ શાહ
ચેતન પીર
વિપુલ પટેલ


## મંદિરે જઈ આવું છું એમ કહીને ઘરેથી નીકળ્યા બાદ

# મુલુંડના વરિષ્ઠ નાગરિકનો મૃતદેહ સ્ટેશન પરથી મળ્યો

મુલુંડ વેસ્ટમાં એલબીએસ રોડ પર સ્થિત રુણવાલ ઍન્થુરિયમ ટાવરમાં રહેતા ૭૦ વર્ષના શંભુલાલ મંગે મંગળવારે સવારે સાડાદસ વાગ્યે લોહીલુહાણ હાલતમાં મુલુંડના પ્લેટફૉર્મ નંબર ચાર પર મળી આવ્યા હતા. ઇલાજ માટે તાત્કાલિક તેમને નજીકની હૉસ્પિટલમાં ખસેડતાં ફરજ પર હાજર ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. કુર્લા ગવર્નમેન્ટરેલવે પોલીસે (GRP) હાલમાં ઍક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (ADR) નોંધ કરી તપાસ હાથ ધરી છે. શંભુલાલના ખિસ્સામાંથી પ્લેટફૉર્મ-ટિકિટ મળી હતી. તેઓ શું કારણસર સ્ટેશન પર આવ્યા હતા એની ચોક્કસ માહિતી પોલીસને ન મળતાં આ અકસ્માત છે કે આત્મહત્યા એની તપાસ હાથ ધરવામાં આવી છે.

આ બાબતે માહિતી આપતાં શંભુલાલના ભત્રીજા અનિલ ભદ્રાએ કહ્યું હતું કે,'મંગળવારે સવારે રોજિંદા ક્રમની જેમ ફુઆએ ઘરે નાસ્તો કર્યો હતો. એ પછી મંદિર જઈને આવું છું એમ કહીને દસ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળ્યા હતા. ત્યાર બાદ કલાકો સુધી તેઓ પાછા ઘરે ન આવતાં તેમને ફોન કરવામાં આવ્યો ત્યારે અજાણ્યા યુવાને ફોન ઉપાડીને ફુઆનો અકસ્માત થયો હોવાની જાણ અમને કરી હતી એટલે અમે તાત્કાલિક હૉસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં હાજર ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના માથા પર વધુ માર લાગતાં તેમનું મૃત્યુ થયું હોવાનો અહેવાલ ડૉક્ટરે અમને આપ્યો હતો. જોકે તેઓ સ્ટેશન



શંભુલાલ મંગે

પર કેમ ગયા અને કોને મળવા ગયા એની કોઈ જ માહિતી અમારી પાસે નથી. થોડા દિવસ પહેલાં તેમને એક નાની બીમારી થઈ હતી જેનો પણ ઇલાજ યોગ્ય રીતે થઈ ગયો હતો, હાલ તેઓ એકદમ સ્વસ્થ હતા. તેમને એક આંખે ઓછું દેખાતું હતું એટલે એવું હોઈ શકે કે તેમને ટ્રેન ન દેખાઈ હોય અને તેઓ ફાસ્ટ ટ્રેનથી ટકરાઈ ગયા હોય.'

## શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ

Shri Kutchi Lohana Mahajan Trust Mulund

મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વે.), મુંબઈ- ૪૦૦ ૦૮૦.

Mahajanwadi, Ram Ratan Trivedi Road, Mulund (West), Mumbai - 400 080.

Tel. : 2564 0443 / 2561 4881, Mobile : 8574060606 - PUBLIC TRUST REGD. A-2956 B

## જનરલસભા

શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના સર્વ સભાસદોને જણાવવામાં આવે છે કે, **મહાજનશ્રીની જનરલસભા રવિવાર, તા.૨૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ** સાંજે ૫.૦૦ કલાકે કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે.) ખાતે નીચેની કાર્યસૂચી માટે મળશે.

**સર્વે સભાસદોને સમયસર આ સભામાં હાજર રહેવા વિનંતી.**

### કાર્યસૂચી

૧) જનરલસભા માટે પ્રમુખશ્રીની નિમણૂંક
૨) કાર્યવાહીનો અહેવાલ
૩) ઓડિટેડ હિસાબોની રજૂઆત અને મંજૂરી
૪) બંધારણમાં સુધારા બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય.
૫) મહાજનની મિલકતો રિપેરિંગ તથા નવા બાંધકામ કરવા બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય
૬) ચૂંટણી બાબતની ચર્ચા વિચારણા
૭) સભાના પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય જે કંઈ રજૂ થાય તે.

તા.ક : કોરમના અભાવે સભા મુલત્વી રહે તો તે જ સ્થળે આ જ સભા ૩૦ મિનિટ બાદ હાથ ધરી શકાશે અને તેમાં લીધેલા નિર્ણયો સર્વે સભાસદોને બંધનકર્તા અને બંધારણીય ગણાશે.

**લિ. શ્રી કચ્છી લોહાણા મહાજન ટ્રસ્ટ મુલુંડ ટ્રસ્ટીગણ**

તા.૦૬-૧૧-૨૦૨૪

Click Here

# બુધવારે મુલુંડ પશ્ચિમમાં અને નાહુરમાં સવારથી રાત સુધી મિહિર કોટેચા દ્વારા પદયાત્રા યોજાઇ

બુધવારે, તા.૩૦ ઓક્ટોબર મિહિર કોટેચાની એક મોટી પદયાત્રા મુલુંડ પશ્ચિમમાં યોજાઇ હતી. આ યાત્રા અમરનગર હનુમાન મંદિરથી શરૂ થઇ હતી અને એમાં આસપાસના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ સાંજે નાહૂરગાંવ મનમંદિરથી યાત્રાની શરૂઆત થઇ હતી અને આસપાસના બધા જ વિસ્તારોમાં મિહિર કોટેચા ફરી વળ્યા હતા અને સ્થાનિક રહેવાસીઓ સાથે વાતચીત કરી હતી. આ વિસ્તારની બહેનોએ મિહિર કોટેચાને આશીર્વાદ આપ્યા હતા. મિહિર કોટેચાએ કહ્યું હતું કે મુલુંડના ઉજ્વળ ભાવિ માટે લોકોએ મારા પર વિશ્વાસ મૂક્યો છે.

બુધવારે મિહિર કોટેચાએ અનેક હાઉસિંગ સોસાયટીઓની મુલાકાત પણ લીધી હતી, જેમાં મુલુંડ પૂર્વની સંસ્કાર સોસાયટી, સાઇ આશા દયા સોસાયટી, સાઇનાથ હાઇટ્સનો સમાવેશ થતો હતો. ગયા પાંચ વર્ષ દરમિયાન મિહિર કોટેચાએ કરેલા કામોની રહેવાસીઓએ પ્રશંસા કરી હતી અને વિધાનસભાની ચૂંટણીમાં વિજય મળે એવી શુભેચ્છા પાઠવી હતી.













# ગુરૂવારે દિવાળી પહાટ અને પદયાત્રાનું ભવ્ય આયોજન થયું

ગુરૂવાર, ૩૧મી ઓક્ટોબરે ભાજપના કાર્યકરો તથા સ્થાનિક નાગરિકોમાં અનેરો ઉત્સાહ હતો અને વિવિધ સ્થળોએ દિવાળી પહાટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલુંડ પશ્ચિમના કાલિદાસ સભાગૃહમાં ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે અને વિક્રોલી પૂર્વમાં વોર્ડ અધ્યક્ષ પ્રથમેશાન રાણે અને મુલુંડ પશ્ચિમમાં ગવણી પાડાની એસઆરએ સોસાયટી દ્વારા આયોજીત પહાટમાં મિહિર કોટેચાએ હાજરી આપી હતી. આ પ્રસંગે ભૂતપૂર્વ સંસદસભ્ય ડૉ.કિરીટ સોમૈયા, વિક્રોલી મહાયુતિના ઉમેદવાર સુવર્ણાતાઇ કરંજે તથા મહાયુતિના અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા.










શનિવારે મુલુંડ પૂર્વમાં યોજાયેલી પદયાત્રામાં નાગરિકોએ ઉત્સાહભેર હિસ્સો લીધો હતો. આ પદયાત્રામાં ગવાણપાડા પરિસર, વ્હી.બી. ફડકે માર્ગ, મહાત્મા ફૂલે માર્ગ તથા એની આસપાસના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. અહીના રહેવાસીઓએ મિહિર કોટેચાનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને એમને વિજયી ભવની શુભેચ્છા પાઠવી હતી

Click Here

# મિહિર કોટેચાના ચૂંટણી પ્રચારમાં આત્મીયતાનો ટચ

## જાણીતી હસ્તીઓ સાથે વ્યક્તિગત વાર્તાલાપ મરાઠી કલાકાર નંદિની વૈદ્ય અને ભૂષણ તેલંગના ઘરની મુલાકાત લીધી



વિધાનસભ્ય મિહિર કોટેચાએ પોતાના ચૂંટણી પ્રચારમાં આત્મીયતાને મહત્વ આપ્યું છે અને એ અનુસંધાનમાં તેઓ અનેક લોકોના ઘરની મુલાકાત લઇને એમને મળી રહ્યા છે. ગયા અઠવાડિયા દરમિયાન મિહિર કોટેચાએ અનેક પ્રતિષ્ઠીત મરાઠી કલાકારોના ઘરની મુલાકાત લીધી હતી અને એમની સાથે વાતચીત કરી હતી. કલાકારોને તેમણે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કરેલા કાર્યોના રિપોર્ટની કોપી પણ આપી હતી.

અભિજીત કેળકર અને અમોઘ ચંદન ઉપરાંત નંદિની વૈદ્ય અને ભૂષણ તેલંગના ઘરની પણ મિહિર કોટેચાએ મુલાકાત લીધી હતી અને એમની સાથે કળા, સાહિત્ય અને સંસ્કૃતિ વિશે ચર્ચા કરી હતી. નંદિની વૈદ્યે સાઇબાબા, જવાઇ, વિકટ ઘેણે, નસીબવાન વગેરે જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. ભૂષણ તેલંગની ફિલ્મ રઘુવીસ તાજેતરમાં જ રિલીઝ થઇ છે.

બધા જ કલાકારોએ મિહિર કોટેચાને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે પ્રજાના હિત માટે મિહિર કોટેચા જેવા વિધાનસભ્યને ફરીથી લોકોએ જીતાડવા જોઇએ.





# મુલુંડ પશ્ચિમમાં મિહિર કોટેચાની પદયાત્રામાં અસંખ્ય લોકો સામેલ થયા અને વિજયના નારા લગાવ્યા





તા.૫ નવેમ્બર સોમવારે વિધાનસભ્ય મિહિર કોટેચાની ભવ્ય પદયાત્રા મુલુંડ પશ્ચિમમાં યોજાઇ હતી, જેમાં ભાજપના સિનિયર નેતાઓ, કાર્યકરો તથા અસંખ્ય સમર્થકોએ હાજરી આપી હતી. આ પદયાત્રા ઘાટીપાડા લોકનિસર્ગ સોસાયટીથી શરૂ થઇ હતી અને નિર્મલ નગર પરિસરમાં સમાપ્ત થઇ હતી. માર્ગમાં ઘાટીપાડા પરિસર, વિજય નગર, નેહરુ નગર અને પાણેકર સોસાયટી જેવા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા.

પદયાત્રામાં અનેક સ્થળોએ બહેનોએ મિહિર કોટેચાનું સ્વાગત કર્યુ હતું અને દરેક વિસ્તારના રહેવાસીઓ સાથે મિહિર કોટેચાએ સંવાદ કર્યો હતો. પદયાત્રા દરમ્યાન સર્વત્ર ઉત્સાહનું વાતાવરણ રહ્યું હતું અને મિહિર કોટેચાના વિજય માટેના નારા લગાવવામાં આવ્યા હતા.

# ગૌશાળા રોડથી બીએમસી ચાલ સુધીની ભવ્ય પદયાત્રામાં મિહિર કોટેચા સાથે અનેક લોકો જોડાયા

ગઈ કાલે મંગળવારે સવારે મુલુંડ પશ્ચિમમાં ગૌશાળા રોડ જંક્શનથી શરૂ થયેલી વિધાનસભ્ય મિહિર કોટેચાની ભવ્ય પદયાત્રામાં અનેક લોકો જોડાયા હતા અને ઠેર ઠેર મિહિર કોટેચાનું સ્વાગત થયું હતું. આ પદયાત્રા ગૌશાળા રોડથી શરૂ થઇને વિકાસ મિત્ર મંડળ, રામગઢની આસપાસના વિસ્તારોને આવરી લઇને પછી છેવટે બીએમસી ચાલ પાસે સમાપ્ત થઇ હતી.

પદયાત્રા દરમિયાન મિહિર કોટેચાએ અનેક ઘરોની મુલાકાત લીધી હતી, જ્યાં તેમને વડીલો તરફથી આશીર્વાદ મળ્યા હતા અને બહેનોએ હારતોરાથી એમનું સ્વાગત કર્યું હતું.

મિહિર કોટેચાએ કહ્યું હતું કે મુલુંડનો વિકાસ એ મારૂં ધ્યેય છે.









Click Here





## મહાવિકાસ આઘાડીના સર્વ ઘટક પક્ષોની સંયુક્ત સભામાં નિર્ધાર

# ચાલો, મુલુંડનો ચહેરો બદલીએ...

# નૂતન મુલુંડનું નિર્માણ કરીએ...





મહાવિકાસ આઘાડી પુરસ્કૃત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મુલુંડ વિધાનસભા મતદાર વિસ્તારના અધિકૃત ઉમેદવાર રાકેશ શંકર શેટ્ટીએ મુલુંડ કોંગ્રેસના નેજા હેઠળ મંગળવાર, તા. ૫ નવેમ્બરના રોજ સવારના ૧૧ વાગ્યે એકતા એનજીઓ કાર્યાલય, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જવાહર ટોકીઝ પાસે, મુલુંડ પશ્ચિમ ખાતે સર્વપક્ષીય સંયુક્ત બેઠક આયોજિત કરી હતી. આ બેઠકમાં મહાવિકાસ આઘાડીના સર્વ ઘટક પક્ષો કોંગ્રેસ, શિવસેના-યુબીટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ-એસપી, સમાજવાદી પાર્ટી અને મિત્ર પક્ષોના સર્વ માન્યવર વરિષ્ઠ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં મહાવિકાસ આઘાડી-કોંગ્રેસના યુવા ઉમેદવાર રાકેશ શેટ્ટીને ભારી બહુમતથી જીતાડીને મુલુંડનો ચહેરો બદલીએ...ચાલો, નૂતન મુલુંડનું નિર્માણ કરીએ... એવો









નિર્ધાર કરવામાં આવ્યો હતો.

મુલુંડ વિધાનસભા બેઠક માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસના ઉમેદવાર સંગીતા વાજેએ પોતાની ઉમેદવારી પાછી ખેંચતાં યુવા નેતા રાકેશ શેટ્ટી મહા વિકાસ આઘાડી કોંગ્રેસનાઉમેદવાર તરીકે ઘોષિત થયા છે. રાકેશ શેટ્ટીની ઉમેદવાર તરીકેની ઘોષણા થયા પછી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ચરણસિંહ સપ્રા, બી.કે. તિવારી, ડો. બાબુલાલ સિંહ, ઉત્તમ ગીતે (કાર્યકારી પ્રમુખ), ડો. સચિન સિંહ (જનરલ સેક્રેટરી), રમાશંકર તિવારી (મહાસચિવ, સમાજવાદી પાર્ટી મુંબઈ), મેથ્યુ ચેરિયન, શુલભ જૈન (પત્રકાર), શિવનારાયણ જયસ્વાલ, કે.ડી. યાદવે રાકેશ શેટ્ટીને પુષ્પગુચ્છ આપીને શુભકામનાઓ આપી હતી.

Click Here

# મુલુંડથી મહાવિકાસ આઘાડીના ઉમેદવાર રાકેશ શેટ્ટીની મુલુંડની જનતાને અપીલ



મુલુંડ વિભાગની સમસ્યાઓમાં મુખ્યત્વે પીએપી સંબંધિત છે. જેની આડમાં મહાયુતિની સરકારે મુલુંડ ઓક્ટ્રોય નાકાની ૧૮ એકર જમીન, ડમ્પિંગ ગ્રાઉન્ડની ૪૭ એકર અને સોલ્ટ પેનની ૧૫૫ એકર જમીન અદાણી ઉદ્યોગ સમૂહને આપી દીધી છે. જેને લીધે મુલુંડ અન ઓર્ગેનાઈઝડ રીતે ધારાવી બનવા જઈ રહ્યું છે. આનાથી બચવા હું મુલુંડના સર્વે નાગરિકોને અપીલ કરૂં છું કે સૌએ પોતાની જાતિ, ધર્મ ભાષાની ઉપર જઈ એક સાથે આવવું જોઈએ અને આ ભ્રષ્ટ ભારતીય જનતા પાર્ટીની સરકારને પાડવી જરૂરી છે. મુલુંડને પ્રિન્સ ઓફ સબબર્સનું બિરૂદ પ્રાપ્ત થયું છે. એને બચાવવા માટે આજે સૌએ સાથે આવવું જરૂરી છે. સમયની આ માંગ છે. મહાવિકાસ આઘાડીના ઘટક કોંગ્રેસ પાર્ટીની તરફેણમાં મતદાન કરવું જોઈએ.







મહાવિકાસ આઘાડીના ઉમેદવાર અને કોંગ્રેસના યુવા નેતા રાકેશ શેટ્ટીને મુલુંડમાં ઉત્સાહ પૂર્વકનો સપોર્ટ મળી રહ્યો છે. મુલુંડ વેસ્ટના એમ.જી.રોડ સ્થિત શિવસેના શાખા ઉધ્ધવ બાળા સાહેબ ઠાકરેના પક્ષ કાર્યાલયમાં કાર્યકરોને મળી પ્રોત્સાહક ઉદ્‌બોધન કર્યું હતું.



મહાવિકાસ આઘાડીના કોંગ્રેસ પક્ષ તરફથી મુલુંડ બેઠક માટેના ઉમેદવાર રાકેશ શેટી કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ સાથે સુનીલ જૈનની દુકાનમાં મુલાકાત લીધી હતી



મહાવિકાસ આઘાડીના ઉમેદવાર રાકેશ શેટી મુલુંડ પૂર્વમાં ઉદ્ધવ બાળા સાહેબ ઠાકરે શિવસેના પક્ષના કાર્યાલયની મુલાકાત લીધી હતી.















મુલુંડ વિધાનસભા બેઠકના મહાવિકાસ આઘાડીના ઉમેદવાર રાકેશ શેટી ધૂંઆદાર પ્રચાર માટે સમગ્ર મુલુંડના વિવિધ વિસ્તારોમાં જઈ રહ્યાં છે અને લોકોની અપ્રતિમ ચાહના તેમને મળી રહી છે. ઘણાં વર્ષો પછી લોકોને ગમતો-માનીતો ચહેરો પ્રજા સમક્ષ આવ્યો છે તેવું જાહેર પણે કહી રહ્યાં છે. આ છે તેમની લોકચાહના. રાકેશ શેટીને લોકોના ટેકાને લીધે વિજયશ્રી થવાની પૂરેપૂરી આશા છે.

Click Here

# મુલુંડના કચ્છી ભાનુશાલી વેપારીનું સ્વિમિંગ દરમ્યાન હાર્ટ એટેકથી મૃત્યુ



મુરજીભાઈ દામા

મુલુંડ વેસ્ટ સ્થિત વિકાસ પેરેડાઇઝ ટાવરમાં રહેતાભાનુશાલી સમાજના ૬૫ વર્ષની ઉંમરના મુરજીભાઈ દામાનું ગયા સોમવારે સાંજે સાત વાગ્યાની આસપાસ સ્વિમિંગ દરમ્યાન મૃત્યુ થયું હોવાની માહિતી મુલુંડ પોલીસે આપી હતી. પ્રાથમિક માહિતીના આધારે પોલીસે મુરજીભાઈનોમૃતદેહ તાત્કાલિક પોસ્ટમોર્ટમ માટે મોકલતાં મૃત્યુના કારણમાં હાર્ટ-એટેકનો રિપોર્ટ પોલીસને મળ્યો છે એટલે પોલીસે હાલ આ કેસ વિશે ઍક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મુરજીભાઈ પોતાની ફિટનેસનું ખૂબ જ ધ્યાન રાખતા હતા, રોજ મોર્નિંગ-વોક સાથે સ્વિમિંગ કરવું એ તેમનો નિત્ય ક્રમ હતો એમ જણાવતાં મુલુંડ પોલીસ-સ્ટેશનના પોલીસ-ઇન્સ્પેક્ટર વિઠ્ઠલ વાયભીસેએ જણાવ્યું હતું કે 'સોમવારે સાંજે સાત વાગ્યાની આસપાસ તેઓ વિકાસ પેરેડાઇઝ ટાવરના સ્વિમિંગ-પૂલમાં સ્વિમિંગ માટે ગયા હતા. આશરે પંદર મિનિટ સ્વિમિંગ કર્યા બાદ તેઓ બેહોશ થઈ ગયા હોવાનું ત્યાં સ્વિમિંગ કરી રહેલી એક વ્યક્તિએ જોયું હતું એટલે તાત્કાલિક તેણે ડ્યુટી પરના સિક્યોરિટી ગાર્ડને માહિતી આપી હતી. ત્યાર પછી તેમને સ્વિમિંગ-પૂલમાંથી બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ત્યાં હાજર ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. જોકે પરિવાર અને બીજા લોકોએ આપેલી માહિતી પ્રમાણે મુરજીભાઈની ફિટનેસ ખૂબ જ સારી હતી તો તેમનું ડેથ કેવી રીતે થયું એ પાછળનું કારણ જાણવા અમે તેમનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. રિપોર્ટમાં તેમનું મૃત્યુ હાર્ટ-અટેકથી થયું હોવાનું સામે આવ્યું છે.'


**ગુર્જરમાત કાર્યાલય**

**બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વિકાસ પ્લાઝોની પાસે, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે),મુંબઈ-૮૦. સંપર્ક - 9322257731**


# બ્રહ્માકુમારીઝ મુલુંડ સબ-ઝોન દ્વારા દિવાળીની ઉજવણી કરાઈ














પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ મુલુંડ સબ-ઝોન દ્વારા તા. ૧ નવેમ્બરના રોજ મુલુંડ વેસ્ટ સ્થિત દયાનંદ વૈદિક વિદ્યાલયના ગ્રાઉન્ડ પર એક આધ્યાત્મિક રીતે સમૃદ્ધ દિવાળી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો આરંભ ઉપસ્થિત લોકો દ્વારા અંધકાર પર પ્રકાશના વિજયના પ્રતિક એવા દીપ પ્રજ્વલનથી થયો હતો, જેણે વાતાવરણને પ્રેરણાદાયક પ્રકાશથી ભરી દીધું હતું. મીઠાશ અને એકતાના પ્રતિક રૂપે કેક કટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારપછીના કાર્યક્રમની શરૂઆત મુરલી વાદનથી થઈ હતી અને બાબાને ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે યોજવામાં આવેલા બ્રહ્માકુમારીઝના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાને દર્શાવતા નૃત્ય અને સંગીતમય સાંસ્કૃતિક કાર્યક્રમથી ઉપસ્થિત પ્રેક્ષકો મંત્રમુગ્ધ થયા હતા.

સાંજના એક વિશેષ આકર્ષણ તરીકે ડૉ. મોનિશા રાવત દ્વારા દવાઓ વિના બીમારીથી મુક્તિ વિષય પર એક પ્રસ્તુતિકરણનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રાવતએ સકારાત્મક માનસિકતા, ધ્યાન અને જીવનશૈલીમાં બદલાવ જેવા સ્વસ્થાયના સમગ્ર દૃષ્ટિકોણ પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત બ્ર.કુ.ડૉ.ગોદાવરી દીદીએ સાહસ, ઉત્સાહ અને આનંદિત ઊર્જાના મહત્વ પર પ્રેરણાદાયક સંદેશ આપ્યો હતો અને સહુને સંગમયુગમાં આ ગુણોને અપનાવવાનો આગ્રહ કર્યો હતો.

ઉત્સવની વચ્ચે શાંતિની ક્ષણો મળે એ માટે ધ્યાન સત્રોનું આયોજન થયું હતું જેમાં ભાગ લેનારના આત્મ-સંવાદ માટે એક શાંત સ્થાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. એક અનોખી પહેલના રૂપમાં મુલુંડ સબ-ઝોનના શિક્ષકોએ અનેક ભાષાઓમાં દિવાળીની શુભકામનાઓ આપી હતી જે વિવિધતામાં એકતાના ઉત્સવ સમાન બની રહી. કાર્યક્રમનું સમાપન સમૂહભોજન સાથે થયું હતું જેમાં ઉપસ્થિત લોકોએ પ્રેમપૂર્વક તૈયાર કરવામાં આવેલા શાકાહારી વ્યંજનોનો આનંદ માણ્યો હતો.

બ્રહ્માકુમારીઝ મુલુંડ સબ-ઝોનનો આ દિવાળી ઉત્સવ તહેવારના ઊંડા અર્થની યાદ અપાવનારો હતો આપણી અંદરના પ્રકાશનું સન્માન કરવું અને સામુદાયિક મુલ્યોને અપનાવવા. આ યાદગાર સાંજે પરિવારો અને વ્યક્તિઓને એક સાથે લાવીને આધ્યાત્મિક ચિંતનની ભાવનાને બળ આપ્યું.

# હોર્મોન્સનું અસંતુલન




*સ્ત્રીઓના સ્વાસ્થ્ય પર હોર્મોન્સની ઘણી મહત્વપૂર્ણ અસરો હોય છે. સ્ત્રીઓના સેક્સ હોર્મોન્સ, એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન, સૌથી વધુ જાણીતા છે કારણ કેમાસિક સ્રાવથી ગર્ભાવસ્થા સુધી અને મેનોપોઝ અને તેથી પણ આગળ તેઓ સ્ત્રીઓના પ્રજનન સ્વાસ્થ્યને અસર કરે છે.*

*મોટા ભાગની સ્ત્રીઓને માસિક સ્રાવ દર ૨૧ થી ૩૫ દિવસે આવે છે. જો તમને માસિક સ્રાવ દર મહિને એક જ સમયે આવતું નથી, અથવા તમને કેટલાક મહિનાઓ સુધી આવતું નથી તો તેનો અર્થ એ થઈ શકે છે કે તમારા શરીરમાં ચોક્કસ હોર્મોન્સ (એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન) ખૂબ વધારે છે અથવા ખૂબ ઓછા છે. જો તમે તમારા ૪૦ અથવા ૫૦ના દાયકાની શરૂઆતમાં છો તો તમને માસિક સ્રાવ અનિયમિત આવવાનું કારણ પેરીમેનોપોઝ (મેનોપોઝ પહેલાનો સમય હોઈ શકે છે). પરંતુ અનિયમિત પીરિયડ્સ પોલિસિસ્ટિક ઓવેરિયન સિન્ડ્રોમ (PCOS) જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓનું લક્ષણ હોઈ શકે છે. નિદાન માટે તમારા ડૉક્ટર સાથે વાત કરો.*

***હોર્મોન્સના અસંતુલનના લક્ષણો:***

*• ભારે અથવા અનિયમિત પીરિયડ્સ, પીરિયડ્સનું ચૂકી જવું અથવા વારંવાર પીરિયડ્સ આવવા • હિરસુટિઝમ અથવા ચહેરા, હડપચી અથવા શરીરના અન્ય ભાગો પર વધુ પડતા વાળ ઉગવા • ચહેરા, છાતી અથવા પીઠના ઉપરના ભાગમાં ખીલ • વાળ પાતળા થવા અથવા વાળ ખરવા • વજનમાં વધારો અથવા વજન ઘટાડવામાં મુશ્કેલી • ચામડીનું કાળું પડવું, ખાસ કરીને ગરદનના પડ (crease) ઉપર, જંઘામૂળમાં અને સ્તનોની નીચે • ત્વચા ટેગ્સ (મસા) • સેક્સ દરમિયાન દુખાવો થવો • રાત્રે પરસેવો થવો (night sweat)*

***હોર્મોન્સના અસંતુલનના કારણો:***

*સ્ત્રીઓમાં હોર્મોનલ અસંતુલનના ઘણા કારણો પ્રજનન હોર્મોન્સ સાથે સંબંધિત છે. જેમાં સામાન્ય રીતે નીચેના કારણો શામેલ છે:*

*• મેનોપોઝ • ગર્ભાવસ્થા • સ્તનપાન • પોલિસિસ્ટિક ઓવેરિયન સિન્ડ્રોમ (PCOS) • અકાળ મેનોપોઝ • હોર્મોન દવાઓ જેમ કે જન્મ નિયંત્રણ (birth કન્ટ્રોલ)ની ગોળીઓ*

***હોર્મોન્સના અસંતુલની સારવાર શું છે?***


*સ્ત્રીઓમાં હોર્મોનલ અસંતુલનના મોટાભાગના કેસોમાં શરીરમાં એસ્ટ્રોજનનું ઉચ્ચ સ્તર હોય છે. અને તેનો ઉપચાર કરવા માટે :*

*• પ્રોટીન અને તંદુરસ્ત ચરબીયુક્ત ખોરાક લો • ખાંડ અને રિફાઈન્ડ કાર્બોહાઇડ્રેટ્સ ટાળો • તમારી સુંદરતાની પુનઃસ્થાપના થાય તેટલી ઊંઘ મેળવો • ક્રુસિફેરસ શાકભાજીઓ, જેવી કે બ્રોકોલી, કોબી, કોબીજ, કાલે, મશરૂમ્સ, અળસી બીજ આહારમાં સામેલ કરો • શારીરિક રીતે સક્રિય રહો.*

*ઉપરાંત, જેઓ વધુ વજન ધરાવતા હોય અથવા મેદસ્વી હોય તેઓ વજન ઘટાડે તો એ લોકોમાં એસ્ટ્રોજનનું સ્તર ઘટી શકે છે, કારણ કે ચરબીના કોષો વધારાનું એસ્ટ્રોજન ઉત્પન્ન કરે છે.*

Click Here

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ-સાંધવ, હાલે મુલુંડ)

**જન્મ :** તા.૧૫-૦૬-૧૯૪૧
**સ્વર્ગવાસ :** તા.૦૪-૧૧-૨૦૨૪

આંખમાં છે ભરતીને હૃદયમાં ઓટ
આજ અમને પડી છે અખૂટ તમારી ખોટ
તમારા આદરણીય ગુણો,
વાત્સલ્યતા અને વ્યવહારિક વિચારો
અમે ક્યારેય વિસરશું નહીં
તમારી યાદ અમારા હૈયે સદૈવ મહેકતી રહેશે

**શ્રદ્ધાસુમન**

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન
### સાંધવ કચ્છ

શામજીભાઈ દંડ
ચાંપશીભાઈ લોડાયા
ગોવિંદજી પટેલ
પ્રવીણ મોતા
વિરચંદ ખોના
સંદીપ શાહ
વિપુલ પટેલ

# હૃદયાંજલિ



## સ્વ.માણેકજી મેઘજી લોડાયા

(ગામ કચ્છ-સાંધવ, હાલે મુલુંડ)

**જન્મ :** તા.૧૫-૦૬-૧૯૪૧ **સ્વર્ગવાસ :** તા.૦૪-૧૧-૨૦૨૪

*આપ ગુણોના ઉદ્યાન હતા ને સમર્પણની સુવાસ,*
*આપની છાયા વડલા સમીને કાર્ય નદી સમાન,*
*અમી ભરેલી આંખ હતી, હૈયે હતા હેતના ધોધ,*
*સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ*

*દયા, પ્રેમ, કરૂણા, સરળ અને*
*પરોપકારી સ્વભાવ આપનો જીવન મંત્ર હતો*
*મરણ કરતાં સ્મરણ બળવાન છે,*
*તમારી સ્મૃતિના છોડને અમો કાયમ લીલોછમ રાખીશું*

**શોકાતુર**

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

જયેશ જૈન (ફાઉન્ડર ચેરમેન)
ગોવિંદજી લોડાયા (ફાઉન્ડર વાઈસ ચેરમેન)
પ્રવીણ લોડાયા (ફાઉન્ડર વાઈસ ચેરમેન)
વિપુલ પટેલ (પ્રમુખ)
વિરેન્દ્ર લોડાયા (ઉપપ્રમુખ)

Click Here

# મિહિર કોટેચાના સતત પ્રયત્નોને કારણે મુલુંડવાસીઓનો કિંમતી સમય બચશે



ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરના મ્હાડા કોલોની જંક્શન પર થતાં ટ્રાફિક જામની સમસ્યા મિહિર કોટેચાના અથાગ પ્રયાસોને કારણે હવે દૂર થશે. ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી મુલુંડ (ઇસ્ટ)ની તાતા કોલોની સુધી જે એક માર્ગની જરૂર હતી એ મિસિંગ લિન્કનો માર્ગ મીઠાગરની જમીન પર બાંધવા માટે મહાનગર પાલિકાએ વર્ક ઓર્ડર બહાર પાડ્યો છે.

આ બાબતે ભાજપના વિધાનસભ્ય મિહિર કોટેચા સરકારના વિવિધ વિભાગોમાં સતત ફોલોઅપ કરતા રહ્યા હોવાને પગલે આ કામ શરૂ થઇ શક્યું છે. આ નવી મિસિંગ લિન્કને કારણે મુલુંડના લોકોની ૧૫ થી ૨૦ મિનિટ બચશે.

ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી તાતા કોલોની સુધીનો નવો માર્ગ તેમ જ બીજા બે માર્ગો બનાવવા માટેના વર્ક ઓર્ડર મહાનગર પાલિકાએ સપ્ટેમ્બર, ૨૦૨૪માં બહાર પાડ્યા છે. આ પ્રોજેક્ટ કુલ ૩૩.૨૨ કરોડ રૂપિયાનો છે.

મહાપાલિકાના ડેવલપમેન્ટ પ્લાનમાં આ ૧૮.૩૦ મીટર પહોળો અને લગભગ ૭૦ મીટર લાંબો માર્ગ બનાવવા માટેની દરખાસ્ત રજૂ થઇ હતી, પરંતુ ત્યાર બાદ વિધાસભ્ય મિહિર કોટેચાએ સતત એનું ફોલોઅપ કર્યું હતું અને એ માટે તમામ સરકારી એજન્સીઓ તથા સરકારી વિભાગ સાથે મિટીંગો કરતાં રહ્યા હતા.




નવા માર્ગના કારણે રહેવાસીઓ મ્હાડા કોલોની પર થતાં ટ્રાફિક જામની મુશ્કેલીમાંથી બચી જશે, કારણ કે મ્હાડા કોલોની પાસે હંમેશાં ટ્રાફિક જામ થતો હોય છે. નવો માર્ગ બની જવાને કારણે હજારો મોટરચાલકોને રાહત મળશે.

મિહિર કોટેચાએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે મીઠાગરની જમીન ફાળવવા માટેની મંજૂરી લેવાનું કામ આખરી તબક્કામાં છે અને ટૂંક સમયમાં એ મંજૂરી મળી જશે. આ માટેની રજૂઆત કેન્દ્ર સરકાર સમક્ષ પણ રજૂ કરવામાં આવી છે જેને કોઇ પણ ઘડીએ એ મંજૂરી મળી જશે.

# જાગતિક અંધત્વ નિવારણ જાગૃતિ અભિયાન




વિશ્વ અંધત્વ નિવારણ જાગૃતિ અભિયાન એ યાદ રાખવા માટે જરૂરી સમય છે કારણ કે વિશ્વભરમાં લાખો લોકો દ્રષ્ટિની ગંભીર ક્ષતિ અથવા સંપૂર્ણ અંધત્વથી પીડાય છે.

**અંધત્વ લોકોને કેવી રીતે અસર કરે છે?**

અંધત્વથી માત્ર જોઈ ન શકવાની સમસ્યા નથી પણ તેથી પણ વધુ મુશ્કેલ પરિસ્થિતિ છે. તે એક એવી પરિવર્તનકારી પરિસ્થિતિ છે જે વ્યક્તિના જીવનના દરેક પાસાઓને અસર કરે છે. આપણું દૈનિક જીવન આપણી આસપાસની સુંદરતા જોવાથી ભરાઈ જાય છે, પછી ભલે તે ગ્રીન પાર્ક હોય કે આર્ટ મ્યુઝિયમની મુલાકાત લેવાની હોય. અંધત્વથી પીડિત લોકો માત્ર તે સુંદર દશ્યોજ ચૂકી નથી જતા, પરંતુ તેઓ દૈનિક કાર્યોમાં પણ સંઘર્ષ કરે છે. જો કોઈ વ્યક્તિ અંધ હોય, તો તે સંભવતઃ સ્વતંત્રતા, હલનચલન અને શિક્ષણ અને રોજગાર સંબંધી બાબતોમાં સંઘર્ષ કરે છે. મોટાભાગના લોકો માટે જે સરળ હોઈ શકે છે, જેમ કે વાંચવું અથવા ટીવી જોવું, તે ફક્ત કેટલાક અંધત્વથી પિડાતા લોકો માટે જ શક્ય છે. દ્રષ્ટિનીગંભીર ક્ષતિ પણ ભાવનાત્મક સુખાકારી પર ગંભીર નોંધપાત્ર અસર કરી શકે છે.

**અંધત્વ શેને લીધે આવે છે?**

અમે જાણીએ છીએ કે આપ અંધત્વને રોકવા માટે શું કરી શકો તેની કાળજી રાખો છો, તેથી આપે આ કારણોથી વાકેફ હોવું જોઈએ.

**આંખની ઇજાઓ**

રમતગમત રમવાથી અથવા ભારે મશીનરી સાથે કામ કરવાથી તમને રમતગમત અથવા કામ સંબંધિત અકસ્માતો થવા માટે વધુ જોખમ રહે છે. આંખમાં કોઈ વસ્તુનું ઘૂસી જવું અથવા જોરદાર માર અથવા આઘાત તમારી આંખોને ગંભીર રીતે નુકસાન પહોંચાડી શકે છે. આ આંશિક અથવાદ્રષ્ટિના સંપૂર્ણ નુકશાનનું કારણ બની શકે છે. શારીરિક આઘાતથી તમારી આંખોનું રક્ષણ કરવું મહત્વપૂર્ણ છે.

**મોતીબિંદુ**

જ્યારે તમારી આંખના લેન્સ વાદળ છાયા જેવા (ક્લાઉડી) બને છે ત્યારે મોતીબિંદુ થાય છે. વાદળ છાયા પણું પ્રકાશને જરૂરીયાત મુજબ તમારા લેન્સમાંથી પસાર થતા અટકાવે છે. તમારી દ્રષ્ટિ પછી ઝાંખી અને ધુમ્મસવાળી બની જાય છે. મોતીબિંદુ માત્ર તમારી દ્રષ્ટિને અસ્પષ્ટ કરતા નથી, પરંતુ તેઓ વિશ્વભરમાં દ્રષ્ટિની ક્ષતિના સૌથી સામાન્ય કારણોમાંનું એક છે. મોતીબિંદુ સામાન્ય રીતે ધીમે ધીમે અને સમય જતાં વધે છે. તેઓ વૃદ્ધત્વ, અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગના સંપર્ક,અમુક દવાઓ અથવા વ્યક્તિગત સ્વાસ્થ્ય પરિસ્થિતિઓ, જેમ કે ડાયાબિટીસને કારણે વિકાસ પામે છે.

**ગ્લુકોમા (ઝામર)**

ગ્લુકોમા એ એક એવી તબીબી સ્થિતિ છે જે આંખને મગજ સાથે જોડતા ઓપ્ટિક નર્વને નુકસાન પહોંચાડીને આંખોને અસર કરે છે. તે ઇન્ટ્રાઓક્યુલર દબાણ અથવા આંખની અંદરના પ્રવાહીના વધેલા દબાણને કારણે થાય છે. સામાન્ય રીતે, ગ્લુકોમા ધીમે ધીમે આગળ વધે છે અને તેને લીધે પીડા કે દુખાવો થતો નથી. તે શરૂઆતમાં બાજુની (પેરિફેરલ) દ્રષ્ટિના નુકશાનમાં પરિણમે છે. જો સારવાર ન કરવામાં આવે તો, તે આખરે સંપૂર્ણ અંધત્વ તરફ દોરી શકે છે. ગ્લુકોમા વિશ્વભરમાં અંધત્વના મુખ્ય કારણોમાંનું એક છે. તેથી જ આંખની તપાસ દરમિયાન તેને **વહેલાસર શોધી કાઢવાની જરૂર છે.**

**ડાયાબિટીક રેટિનોપેથી**

ડાયાબિટીક રેટિનોપેથી ડાયાબિટીસમાંથી ઉદ્ભવે છે અને નેત્રપટલ (રેટિના)ની રક્તવાહિનીઓને અસર કરે છે. જો તમને હાઈ બ્લડ સુગર છે, તો એ સમય જતાં આંખની રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડી શકે છે. તેઓ અસામાન્ય કદની થઇ શકે છે, લીક થઇ શકે છે અને ફૂલી શકે છે. ડાયાબિટીક રેટિનોપેથી સામાન્ય રીતે બન્ને આંખોને અસર કરે છે. જો સારવાર ન કરવામાં આવે તો, આ સ્થિતિ દ્રષ્ટિની ખોટ અને સંપૂર્ણ અંધત્વ તરફ દોરી શકે છે.

**અંધત્વ આવતું કેવી રીતે અટકાવવું?**

જો તમે અંધત્વ વિશે ચિંતિત છો, તો તેને રોકવા માટે તમે ઘણી વસ્તુઓ કરી શકો છો.

**રક્ષણાત્મક ચશ્માનો ઉપયોગ કરો**

આંખની ઇજાઓ ગમે ત્યારે થઈ શકે છે, રમતગમત કરતી વખતે અથવા શારીરિક શ્રમ કરતી વખતે તમારી આંખોનું રક્ષણ કરવું જરૂરી છે. સેફ્ટી ગોગલ્સ અથવા હેલ્મેટ આંખની ઇજાઓને રોકવા માટે આદર્શ છે.

**સ્વસ્થ જીવનશૈલી અપનાવો**

અમે ઈચ્છીએ છીએ કે તમે તમારી આંખો સહિત જીવનના તમામ પાસાઓમાં સ્વસ્થ બનો. આંખનું સારુ સ્વાસ્થ્ય એટલે વિટામિન અ, ઈ, અને ઊ, ઝીંક અને ઓમેગા-૩ ફેટી એસિડનો ખોરાક લેવો. અમે ભલામણ કરીએ છીએ કે તમે તમારા આહારના ભાગરૂપે લીલા પાંદડાવાળી ભાજીઓ, ગાજર, ખાટાં ફળો અને માછલી ખાઓ. ધૂમ્રપાન અને હાનિકારક પ્રદૂષકોને ટાળવું પણ ખૂબ જરૂરી છે. ધૂમ્રપાન આંખના રોગોનું જોખમ વધારે છે, જેમાં વય-સંબંધિત મેક્યુલર ડિજનરેશનનો સમાવેશ થાય છે.

**યુવી કિરણોથી બચો**

અમે જાણીએ છીએ કે તમને બહાર સમય પસાર કરવો ગમે છે, પરંતુ સૂર્યના યુવી કિરણોના વધુ પડતા સંપર્કથી મોતીબિંદુના વિકાસ અને આંખની અન્ય હાનિકારક પરિસ્થિતિઓ ઝડપી બને છે. જ્યારે તમે બહાર હોવ ત્યારે તમારે યુવી પ્રોટેક્શનવાળા સનગ્લાસ પહેરવા જ જોઈએ. જ્યારે તમે બહાર હોવ ત્યારે અમે તમારી આંખોને સુરક્ષિત રાખવાની ભલામણ કરીએ છીએ, ભલે ગમે તે હોય, પરંતુ જ્યારે તડકો હોય ત્યારે તે મહત્વપૂર્ણ છે. સનગ્લાસ પહેરો જે શ્રેષ્ઠ સુરક્ષા માટે ૧૦૦ ટકા UVA અને UVB કિરણોને અવરોધે છે.

લાંબા ગાળાની બિમારીનું નિરીક્ષણ કરો

ડાયાબિટીસ અને હાયપરટેન્શનથી આંખની ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. હાયપરટેન્શનને નિયંત્રિત કરવાથી હાયપરટેન્સિવ રેટિનોપેથી અને હાઈ બ્લડ પ્રેશર સાથે આવતા આંખના અન્ય રોગોના જોખમને મર્યાદિત કરી શકાય છે. ડાયાબિટીસવાળા લોકોએ ડાયાબિટીક રેટિનોપેથી અને અન્ય રોગોથી બચવા માટે તેમના બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવું જોઈએ.

**નિયમિત આંખની તપાસ કરાવો**

અંધત્વને રોકવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે નિયમિત આંખની વ્યાપક તપાસણીઓનું આયોજન કરવું. જો તમને આંખની કોઈ બિમારીઓ ન હોય તો પણ નિયમિત વ્યાપક આંખની તપાસ જરૂરી છે. તેને લીધે આંખની કોઈ બિમારી આવે તે પહેલાં તેને અટકાવી શકાય છે. આંખના ડોકટરો આંખની તપાસ દરમિયાન મોતીબિંદુ, ગ્લુકોમા અને ડાયાબિટીક રેટિનોપેથીના પ્રારંભિક સંકેતો શોધી શકે છે. જો રોગનું નિદાન વહેલું થઈ જાય, તો તમારા ડોક્ટર યોગ્ય સમયે યોગ્ય સારવાર આપી શકે છે જેથી દ્રષ્ટિની વધુ ખોટ અને અંધત્વ નિવારી શકાય.

Click Here

# જ્ઞાન પંચમી-જ્ઞાન પૂજનનું અદભુત જૈન પર્વ



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**
- બીના કીર્તિ શાહ



દીપોત્સવ અને લાભ પાંચમના તહેવારો એટલે જૈન અને હિંદુધર્મનો સંગમ પણ ગણાય છે. આ દિવસોની અધિષ્ઠાત્રી દેવી શારદા મનાય છે. દેવી શારદા એટલે લક્ષ્મી અને સરસ્વતી. વૈદિક ધર્મની 'લાભ પાંચમ' જૈન ધર્મની 'જ્ઞાનપંચમી' મનાય છે.

સર્વે જૈન તહેવારોમાંનો એક મહત્વપૂર્ણ તહેવાર જ્ઞાન પંચમી દિવાળી પછીના પાંચમા દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે ઘરોમાં વિશેષ પૂજાઓ કરવામાં આવે છે. આ દિવસ જ્ઞાનના સન્માન માટે પૂજાનો દિવસ છે. પવિત્ર પુસ્તકો.જ્ઞાન પંચમીના દિવસે ધાર્મિક પુસ્તકાલયોમાં સાચવેલ પવિત્ર પુસ્તકોની પૂજા કરવામાં આવે છે અને સાચું જ્ઞાન પામવા માટે પ્રાર્થના કરવામાં આવે છે.

જે માનવીને વસ્તુ કે વિષય બાબત માહિતી,ખબર,જાણ, સમજ, બોધ આપી સંસારમાં લૌકિક વહેવાર અને આત્મ ચિંતન કરાવી સદ્ માર્ગ બતાવે તે જ્ઞાન. હિંદુઓમાં વસંત પંચમી અને જૈનોમાં જ્ઞાન પંચમી મહત્વના ગણાય છે. કારતક સુદી પંચમી-લાભ પાંચમ, જ્ઞાન પંચમી, જયા પંચમી,પાંડવ પંચમી, સૌભાગ્ય પંચમી લેખની પંચમી વગેરે નામોથી ઓળખાય છે હિન્દુ મંદિરો,જૈન દેરાસરોમાં વિશેષ પૂજા થાય છે જૈન દેરાસરોમાં દેવવંદન થાય છે; વર્ષ સુધી દર સુદ પંચમીએ ઉપવાસ વ્રતનો સંકલ્પ કરે છે. જ્ઞાન પ્રકાશની જ્યોતિ ઉજ્જ્વળ છે. જૈન ગ્રંથોની સમજ, વિદ્યાર્થી, યુવા, વિદ્વાનોમાં પસરે તેવો હેતુ જ્ઞાન પંચમીનો છે. આ દિવસે પુસ્તક લેખન, કલમ પૂજન, શાસ્ત્ર વંદના સાથે સત્ય જ્ઞાન પ્રાપ્તિ માર્ગદર્શન માટે અનુષ્ઠાન,જપ,પ્રાર્થના કરવાની પારંપારિક પ્રથા છે ,જે પદ્ધતિ મુજબ થાય છે .પ્રાચીન આગમો, ધર્મ ગ્રંથો સાફ સૂફી કરી ખાસ ગોઠવણી સાથે પૂજન માટે મૂકાય છે.કોરા કાગળ,છોલ્યા વિનાની પેન્સિલ પણ મૂકાય છે, બાળકોને નોટબુક પેન્સિલ વિતરણ સાથે જ્ઞાન મેળવો એવી શુભેચ્છા સાથે ભેટ રૂપે વિતરણ થાય છે

છીંજ્ઞાનેઃશં પવિત્ર મિ વિદ્યતે સંસારમાં જ્ઞાન સમાન બીજું કંઈ જ પવિત્ર નથી.આ પવિત્રતા પામવા તરસ જાગવી જોઈએ અને તે માટે શાસ્ત્રો ને સમજવા જોઈએ. જ્ઞાનને સત્યદર્શન ગણાવ્યું છે ,

સર્વ સ્વીકૃત છે કે કોઈપણ ક્ષેત્ર, વિષયની સંપૂર્ણ જાણકારી માટે,કોઈપણ વસ્તુની ઉત્પત્તિ, મૂળ શોધવા માટે જ્ઞાન તમને મદદગાર બને છે, સાથોસાથ દીપક બની પ્રકાશ દ્વારા બુદ્ધિ જાગૃત કરી ચતુરાઈ, પંડિતાઈ, નવી દ્દષ્ટિ અને આત્મ વિશ્વાસથી ભીતરી આંતર ચેતના ઉર્જાવાન બનાવે છે. જૈનધર્મમાં આ વાત સ્વીકારવામાં આવી છે જૈન આગમો પણ જ્ઞાન બાબત સત્ય અને અસત્ય વચ્ચેનું અંતર ભેદી ને આત્મ પ્રકાશ જાગૃત કરનાર પ્રાકૃતિક પ્રકાશ બીજો સૂર્ય કે ત્રીજી આંખ તરીકે જ્ઞાન ને સમજે છે બોલતાં, વ્યવહાર કરતાં શીખવાનારૂં જ્ઞાન છે,

જૈન શાસનમાં જ્ઞાનપંચમી આરાધના સમ્યક જ્ઞાન માટે કરવામાં આવે છે. જ્ઞાન મહત્ત્વનો ગુણ છે. જ્ઞાનથી જ વિવેક પ્રગટ થાય છે અને વિવેકથી સુંદર આચરણ વડે સ્વ અને પરનું હિત થાય છે.

જ્ઞાન પંચમીના દિવસે સમગ્ર જૈન સંઘોમાં જ્ઞાનને વિશિષ્ટ રીતે સજાવવામાં આવે છે. નાનાં ભૂલકાઓથી માંડીને મોટાઓ પણ જ્ઞાનનાં દર્શન અને પૂજનનો લાભ લઈ સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય તેવો સંકલ્પ કરે છે. જ્ઞાનપંચમીએ નાના-મોટા સહુ કોઈએ સંકલ્પ કરવો જોઈએ કે જીવનમાં સમ્યક જ્ઞાન અચૂક ભણીશું અને જ્ઞાનની, જ્ઞાનીની તથા જ્ઞાનનાં સાધનોની આશાતના ક્યારેય નહીં કરીએ. જ્ઞાન પંચમીના દિવસે શ્રુતનું પૂજન કરવું, જ્ઞાન મંદિરોના દ્વાર ખોલીને પુસ્તકો પ્રદર્શિત કરીને આખું વર્ષ તાળું લગાવવું એ જ્ઞાનની ભક્તિ નથી, આ દિવસે શ્રુતનો અભ્યાસ, પ્રચાર અને પ્રસાર કરવાનો સંકલ્પ કરવો જોઈએ. મતિ જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મન પર્યવ જ્ઞાન, કેવળ જ્ઞાન.આ પાંચ જ્ઞાનની સમજ પ્રભુ મહાવીરના ગ્રંથોની સર્વજ્ઞતા ને દર્શાવે છે.

આજે જે જ્ઞાન નીરસ છે તેના પ્રત્યેનો આદર જાગવો જોઈએ અને ધન દ્વારા જ્ઞાનનું દાન કરવું જોઈએ આમ કરવાથી આત્માને આ લોકમાં અને પરલોકમાં અનન્ય પ્રકાશ મળશે તેમજ શાસન અને સમાજનો વિકાસ થશે.

જ્ઞાન પંચમી કાર્તિક શુક્લ પંચમી દિવાળીના પાંચમા દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસે યોગ્ય પૂજા અને જ્ઞાનની ભક્તિ કરવાથી રક્તપિત્ત જેવા ગંભીર રોગનો પણ નાશ થાય છે.

જ્ઞાનપંચમી એ સંદેશ આપે છે કે જ્ઞાન પ્રત્યે દ્વેષ રાખવાથી જ્ઞાનહીન કાર્યોનું બંધન થાય છે, તેથી આપણે જ્ઞાનનો મહિમા સ્વીકારીને તેની પૂજા કરવી જોઈએ.

વ્યક્તિએ શક્ય તેટલું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને બીજાના શિક્ષણમાં યોગદાન આપવું જોઈએ, આ ફાળો ઘણી રીતે આપી શકાય છે ગરીબ વિદ્યાર્થીઓને શાસ્ત્રો આપવો, આર્થિક સહાય આપવી, સામાન્ય જનતાને ધાર્મિક ગ્રંથોનું વિતરણ કરવું, શાળાઓ ચલાવવી, સહાય પૂરી પાડવી. જેઓ તેને ચલાવે છે તેઓને, અન્યોને સ્વ-પ્રાપ્ત જ્ઞાનનો લાભ આપવો વગેરે આ બધું જ્ઞાનવર્ણીય કર્મના ક્ષયોપશમને કારણે છે.

જૈનધર્મમાં જ્ઞાનદાનને શ્રેષ્ઠદાન ગણાય છે. જ્ઞાનના પ્રભાવથી ક્લેશ, વાસના, રાગદ્વેષ વગેરે નષ્ટ પામે છે. જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી તેથી આજે દેવી સરસ્વતીનું પણ પૂજન કરાય છે

# મુલુંડકરોનો અધિકાર તેમની પાસેથી કોણે છીનવી લીધો?

મુલુંડ રેલ્વે સ્ટેશન (વેસ્ટ)ની બહાર શૌચાલય અને યુરીનલની સુવિધા હતી. જેનો દરરોજ સેંકડો નાગરિકો ઘણા વર્ષોથીઉપયોગ કરતા હતા, પરંતુ ત્યાં આવેલા ગાળાઓ તોડતી વખતે આ શૌચાલય પણ તોડી નાખવામાં આવ્યું હતું, જેના કારણે મુલુંડકરો આ સુવિધાથી વંચિત થઈ ગયા છે.નાગરિકોનીઆ પાયાની સુવિધાને કોણે દૂર કરી? આ અંગે મુલુંડના એકપણ લોકપ્રતિનિધિએ અત્યાર સુધી કેમ વાંધો ઉઠાવ્યો નથી? એવો પ્રશ્ન લોકસેવક શુલભ જૈનએ કર્યો હતો. રેલ્વે સ્ટેશન વિસ્તારના સેંકડો ફેરીવાળાઓ, દુકાનદારો અને લોકલમાં પ્રવાસ કરવાવાળા નાગરીકો આ સુવિધાનો લાભ લેતા હતા. અહીં નજીકમાં બીજે ક્યાંય શૌચાલયની સગવડ પણ નથી. શુલભ જૈનએ ઘણી વખત અવાજ ઉઠાવ્યો છે પરંતુ લોકપ્રતિનિધિઓ કે પ્રશાસન અધિકારીઓ આ બાબતે દુર્લક્ષ કરી રહ્યા છે. તેથી હવે જનતાએ જ વિચાર કરીને આ બાબતે શું કરવું તેનો નિર્ણય લેવાનો રહે છે.

# કન્ઝ્યુમર કમિશનરે રજિસ્ટર્ડ મેઈલ ડિલિવરીમાં વિલંબ માટે મુલુંડ આરટીઆઈ એક્ટિવિસ્ટને વળતર આપવા ટપાલ વિભાગને આદેશ આપ્યો

સાઉથ મુંબઈ ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશને જનરલ પોસ્ટ ઓફિસ (જીપીઓ)અને ભાંડુપ પોસ્ટલ ડિપાર્ટમેન્ટની વિરૂદ્ધ ચુકાદો આપ્યો છે કે તેઓ સમયસર રજીસ્ટર્ડલેટર પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા છે, તેમને ખામીયુક્ત સેવા માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. કમિશને ટપાલ વિભાગને રૂા.૩૦ના પોસ્ટલ ચાર્જિસ પરત કરવા અને ફરિયાદીને માનસિક વેદના અને મુકદ્દમાના ખર્ચ માટે રૂ. ૨૦૦૦ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

આ કેસ ૨૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બનેલી એક ઘટનાથી કરવામાં આવ્યો હતો, જ્યારે મુલુંડના રહેવાસી ૭૮ વર્ષીય આરટીઆઈ કાર્યકર્તા ભગવાન કારિયાએ ૩૦ રૂપિયા ફી ભરીને રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા અપીલ મોકલી હતી. આ પત્ર, જો કે, "જાણ નથી" (not known) અને "બંધ" (closed) તરીકે શેરો મારીને પરત કરવામાં આવ્યો હતો. નિષ્ફળ ડિલિવરી અંગે સ્પષ્ટતા માગતા કારિયાને જાણ કરવામાં આવી હતી કે પોસ્ટમેન સુશાંત ચાલ્કેની ભૂલને કારણે વિલંબ થયો હતો, તેથી કારિયા દ્વારા ગ્રાહક કમિશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

જવાબમાં, પોસ્ટલ વિભાગે દલીલ કરી હતી કે પોસ્ટ ઓફિસ માર્ગદર્શિકા નિયમોના નિયમ ૧૭૦ હેઠળ, વિતરિત અથવા વિલંબિત મેઇલ માટે મહત્તમ રૂ. ૧૦૦નો દંડ લાગુ પડે છે, તેથી કારિયાને ફક્ત ૧૦૦ રૂપિયાનું મહત્તમ વળતર મળવું જોઈએ.

જો કે, બંને પક્ષોની દલીલોની સમીક્ષા કર્યા પછી, કમિશને ચુકાદો આપ્યો કે સેવા પ્રદાતા તરીકે, પોસ્ટલ વિભાગ સેવાઓ ચોક્કસ અને સમયસર પહોંચાડવા માટે બંધાયેલો છે, ખાસ કરીને જ્યારે રજિસ્ટર્ડ સેવાઓ માટે ફી ચૂકવવામાં આવે છે. તેમણે વળતરનો આદેશ આપતા, સેવામાં ઉણપ માટે ટપાલ વિભાગને જવાબદાર ઠેરવ્યો હતો.

# મુલુંડ પોલીસ સ્ટેશનના એ.સી.પી. અને વ.પો.નિ. ચૂંટણી પંચના હસ્તક્ષેપને પગલે બદલી

મુંબઈ શહેર અને ઉપનગરમાં છેલ્લાં આઠ વર્ષથી કામગીરી બજાવનારા તમામ સીનિયર પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ પોલીસ ઈન્સ્પેક્ટરની ચૂંટણી પંચના આદેશને પગલે બદલી કરવામાં આવી છે.

મુલુંડ પોલીસ સ્ટેશનનાં એ.સી.પી. રવીન્દ્ર દળવીની મરોલ પોલીસ પરીક્ષણ કેન્દ્રમાં બદલી કરવામાં આવી છે.

તાજેતરમાં આશરે ૮થી ૧૦ મહિના પહેલાં જ મુલુંડ પોલીસ સ્ટેશનનાં વ.પો.નિ. તરીકે નિમાયેલાં અજય જોશીની લાતુર ખાતેના પોલીસ પરીક્ષણ કેન્દ્રમાં બદલી કરવામાં આવી છે. તેઓ ઘણાં સમયથી મુંબઈના વિવિધ પોલીસ સ્ટેશનમાં જ કાર્યરત હોવાથી તેમની મુંબઈ બહાર બદલી કરવામાં આવી છે.

થોડાં સમય પહેલાં ઝોન-૭ના ડીસીપી પુરશોત્તમ કરાડની બદલી કરવામાં આવી હતી અને તેમના સ્થાને ડીસીપી વિજયકાંત સાગરની નિમણૂક થઈ છે.

મુલુંડ પોલીસ સ્ટેશનમાં વ.પો.નિ. અજય જોશીની એકાએક બદલી થતાં મુલુંડકરોને ભારે આંચકો લાગ્યો છે.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# માજી નગરસેવક પ્રકાશ ગંગાધરે દ્વારા સપ્તસુરાંચી પ્રકાશમય દિવાળી પહાટ કાર્યક્રમનું આયોજન






મુલુંડ સેવા સંઘના નેજા હેઠળ માજી નગરસેવક પ્રકાશ ગંગાધરે દ્વારા સપ્તસુરાંચી પ્રકાશમય દિવાળી પહાટ એ વિશેષ કાર્યક્રમનું આયોજન ગુરૂવાર, તા. ૩૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપના નેતા ડો. કિરીટ સોમૈયા અને વિધાનસભ્ય અને ભાજપ મહાયુંતિના ઉમેદવાર મિહિર કોટેચાએ સદીચ્છા મુલાકાત આપીને ઉપસ્થિતોને દિવાળીની શુભેચ્છાઓ આપી હતી.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિવેક ભાગવત, જ્ઞાનદીપ પતપેઢી બેન્કના અધ્યક્ષ જિજાબા પવાર, માજી નગરસેવિકા સમિતા કાંબળે, મુલુંડ જીમખાનાના અધ્યક્ષ ચેતન સાળવી, સતીશ થત્તે, જ્યેષ્ઠ કવિ અરૂણ મ્હાત્રે, એસ.એસ. બર્વે, સુરેશ ડાવરે, સુધીર ઘાટે, ચંદ્રકાંત પાર્લે, સંદીપ સાળવી તેમ જ અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.










## વાતોમાં પરોવીને ગઠિયાઓએ વૃદ્ધ મહિલાની સોનાની ચેન સેરવી લીધી

મુલુંડમાં બે શખ્સોએ એક વૃદ્ધ મહિલાને સારી નોકરી અપાવવાની લાલચ આપીને વાતોમાં પરોવી રાખીને એ મહિલાના ગળામાંથી બે તોલાની સોનાની ચેઈન સેરવી લેવાની ઘટના સામે આવી છે. મુલુંડ પોલીસે આ મામલે વૃદ્ધ મહિલાની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે અને પોલીસ આરોપીની શોધ કરી રહી છે.

આ વૃદ્ધ મહિલાનું નામ વિદ્યા ચવ્હાણ (૬૧) છે અને તે કલવા વિસ્તારમાં રહે છે. તે છેલ્લા ઘણા વર્ષોથી મુલુંડની એક ઓફિસમાં ક્લીનર તરીકે કામ કરે છે.૨૬મી ઓક્ટોબરના રોજ ઓફિસનું કામ પતાવીને તે ઘરે જઈ રહી હતી ત્યારે એક ગઠીયાએ તેને રસ્તામાં હાક મારીને સારી નોકરી અપાવવાની લાલચ આપીને વાતોમાં રોકી રાખી હતી. દરમ્યાન બીજા ગઠીયાએ તેના ગળામાંથી સોનાની ચેન ચોરી લીધી હતી.




Click Here